પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૭૫, કુલ પાના:૪, તારીખ: ૧૫-૦૭-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 275 PRICE :-RS. 1.50 DATE : 15-07-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

### કોરોના સંકટ અને વધતી મોંઘવારી વચ્ચે મોદી સરકારની કર્મચારીઓને ભેટ

## કેન્દ્રીય કર્મચારીઓને બખ્ખા: મોંઘવારી ભથ્થુ વધારીને 28% કરાયું

ન્યુ દિલ્હી,

લાંબા સયમથી મોંઘવારી ભથ્થાની રાહ જોઈ રહેલાં કેન્દ્રીય કર્મચારીઓ માટે સારા સમાચાર છે. સરકારે ડીએ અને ડીઆર પર લાગેલી રોક હટાવવાનો નિર્ણય લીધો છે. જેમાં ૧૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જેનાથી ૬૦ લાખ પેન્શનર્સ અને ૫૨ લાખ કેન્દ્રીય કર્મચારીઓને ફાયદો થશે. પીએમ મોદીની આગેવાનીમાં બુધવારે મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. કોવિડ-૧૯ મહામારીના કારણે સરકારે કેન્દ્રીય કર્મચારીઓના ડીએ અને પેન્શનર્સના મોંઘવારી ભથ્થા પર રોક લગાવી હતી. હવે ૧ જુલાઈથી આ લાગુ થશે.

સૂચના અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે એક પ્રેસ કોન્ફરન્સ યોજીને આ જાણકારી આપી છે. તેઓએ કહ્યું કે, ડીએ ૧૭ ટકા વધારીને ૨૮ ટકા કરવાનો નિર્ણય લેવાયો છે. આનાથી સરકારી તિજોરી પર વર્ષે ૩૪,૪૦૧ કરોડ રૂપિયો ભાર વધશે. કરોનાના કારણે કેન્દ્ર સરકારે કર્મચારીઓ અને પેન્શનર્સધારકોને ૧ જાન્યુઆરી ૨૦૨૦, ૧ જુલાઈ ૨૦૨૦ અને ૧ જાન્યુઆરી ૨૦૨૧એ આપેલુ મોંઘવારી ભથ્થુ મોંઘવારી રાહતના ત્રણ હપ્તા પર રોક લગાવી હતી. ત્રણેય હપ્તા મળને કુલ ડીએ વધારીને ૨૮ ટકા થઈ જશે. આનાથી ૫૦ લાખથી પણ વધારે કર્મચારીઓ અને ૬૦ લાખ પેન્શનર્સને ફાયદો થશે.

કેન્દ્ર સરકારે ગામડાઓ માટે એક મોટું પગલું ઉઠાવ્યું છે. સરકારે પશુઓ માટે એમ્બ્યુલન્સ ચાલુ કરવાનો નિર્ણય કર્યો છે. પ્રધાનમંત્રી મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ગામડાઓ માટે બીજો મોટો નિર્ણય લેવાયો છે આ પહેલાની કેબિનેટની બેઠકમાં ગામડાઓમાં હાઈ સ્પીડ ઈન્ટરનેટ સુવિધાનો નિર્ણય લેવાયો હતો.

- ★ ૬૦ લાખ પેન્શનર્સ અને ૫૨ લાખ કેન્દ્રીય કર્મચારીઓને ફાયદો થશે, ૧૧ ટકાનો ભથ્થામાં વધારો, સરકારને ૩૪,૪૦૧ કરોડનું ભારણ વધશે.
- ★ કેન્દ્ર સરકાર પશુઓ માટે એમ્બ્યુલન્સ ચલાવવા માટે ૯૮૦૦ કરોડનું ફંડ પૂરું પાડશે.
- ★ નેશનલ આયુષ મિશનને ૨૦૨૫-૨૬ સુધી ચાલુ રાખવાનો નિર્ણય.

કેન્દ્રીય કેબિનેટના નિર્ણયોની જાણકારી આપતા કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું કે પશુપાલન અને બીજા ક્ષેત્રોને ફાયદો પહોંચાડવામાં આવશે.

તેમણે કહ્યું કે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને બ્રીડનો વિકાસ કરવામાં આવશે, પશુઓ માટે એમપ્યુલન્સ ચલાવવામાં આવશે. ઠાકુરે જણાવ્યું કે કેન્દ્ર સરકારે પશુઓ માટે એમ્બ્યુલન્સ ચલાવવા માટે ૯૮૦૦ કરોડનું ફંડ પુરુ પાડશે હકીકતમાં આ યોજના ૫૪ હજાર કરોડની છે.

કેન્દ્ર સરકારે નેશનલ આયુષ મિશનને ૨૦૨૫-૨૬ સુધી ચાલુ રાખવાનો પણ નિર્ણય કર્યો છે. જે હેઠળ આયુષ પ્રણાલીની શિક્ષણ, પ્રશિક્ષણનું વિસ્તરણ કરવામાં આવશે. આ યોજના હેઠળ ૧૨ હજાર આયુષ હેલ્થવેલનેશન સેન્ટર બનાવવામાં આવશે તથા ૬ આયુષ કોલેજ બનાવાશે. ૧૨ પીજી ઈન્સ્ટીટ્યુટ બનાવવામાં આવશે. કેન્દ્ર સરકારે દેશના અલગ અલગ હિસ્સામાં કોર્ટ હોલ બનાવવા, કોર્ટમાં સુવિધાઓ વધારવા તથા માળખાકીય સુવિધાઓ વધારવાનો પણ નિર્ણય કર્યો છે.

## હવે બુધવારે અને રવિવારે કોરોના વેક્સિન બંધ રહેશે: નીતિન પટેલ

બોરીજ,

ગાંધીનગરના બોરીજ ગામની પ્રાથમિક શાળામાં નાયબ સીએમ નીતિન પટેલે હાજરી આપી હતી. નાયબ મુખ્યમંત્રીએ 'મિશન ઈન્દ્ર ધનુષ કાર્યક્રમ' માં હાજરી આપી હતી. પથી ૭ વર્ષના બાળકોને ઈન્દ્ર ધનુષ કાર્યક્રમ હેઠળ વિવિધ રોગો સામે રક્ષણની રસી મૂકવામાં આવી હતી. મમતા દિવસ નિમિત્તે બાળકો અને માતાને થતા ૧૦ જેટલાં રોગોને રોકવા રસીકરણ કરાય છે. જેમાં પોલિયો, કમળો, ઓરી, રુબેલા, ધનુર અને ઝેરી મેલેરિયા જેવાં રોગો સામે રસી આપવામાં આવે છે. રાજ્યમાં દર વર્ષે લગભગ ૧૨ લાખ



બાળકોનો જન્મ થાય છે. જૈ પૈકી ૧ લાખ બાળકો સમયસર રસી લઈ શક્યાં નથી.

આ કાર્યક્રમ દરમ્યાન નીતિન પટેલએ નિવેદન આપતા જણાવ્યું કે, 'રાજ્યમાં દર વર્ષે લગભગ ૧૨ લાખ બાળકોનો જન્મ થાય છે. જન્મ આપનાર માતા અને બાળકોને જુદી-જુદી રસી આપવામાં આવે છે જે કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારના સહયોગથી થાય છે. રાજ્યના ૧૦ હજાર સેન્ટરો પર રસી આપવાનું કામ ચાલે છે.'

આ સાથે તેઓએ મહત્વનું નિવેદન આપતા જણાવ્યું કે, 'કર્મચારીઓ છેલ્લાં ૨ વર્ષથી પ્રજાલક્ષી કામ કરી રહ્યાં છે. કોરોના દરમ્યાન આરોગ્યના કર્મચારીઓ સતત કામ કરી રહ્યાં છે માટે હવે બુધવારે અને રવિવારે વેક્સિન બંધ રહેશે.'

વધુમાં તેઓએ જણાવ્યું કે, 'આરોગ્યના અધિકારીઓ દ્વારા ગામડામાં જઈને માતા અને બાળકોને રસી આપવામાં આવે છે. ૧૦ જેટલાં રોગોને રોકવા રસી આપવામાં આવે છે. જેમાં પોલિયો, કમળો, ઓરી, રુબેલા, ધનુર અને ઝેરી મેલેરિયા જેવી રસી આપવામાં આવે છે.

લગભગ બધી માતા અને આશા વર્કર બહેનોને ખ્યાલ હોય છે કે સેન્ટરો પર વાલી અને બાળકોને રસી આપવામાં આવે છે. ૯૦ ટકા લોકો સેન્ટરો પર રસી લે છે. કેટલાંક પરિવાર ઓછા જાણકાર હોય છે તો કોઈ બહારથી આવ્યા હોય તેઓને આ યોજનાના લાભ વિશે ખ્યાલ નથી આવતો જેથી કેટલાંક બાળકો અને વાલીઓ રસીથી વંચિત રહી જાય છે.

વધુમાં તેઓએ જણાવ્યું કે, 'રસીથી વંચિત બાળકોને સામેથી શોધીને રસી આપવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ૧૨ લાખ પૈકી ૧ લાખ લોકો સમયસર રસી લઈ શક્યા નથી. આવાં ૧ લાખ બાળકોને શોધીને તેઓને રસી આપવાનું અભિયાન શરૂ કરાયું છે. ખાનગી હોસ્પિટલમાં ૫૦૦થી ૨ હજારનો ખર્ચ થાય છે એ બધી રસીને ગુજરાત સરકાર મફત રસી આપે છે.

## RTE: ૨૫,૦૦૦થી વધુ ફોર્મ રિજેક્ટ, આજે પ્રથમ રાઉન્ડ જાહેર થશે



અમદાવાદ,

RTE હેઠળ એડમિશન પ્રક્રિયા શરુ હતી જેમાં વાલીઓને ઓનલાઈન ફોર્મ ભરીને અરજી કરી હતી. જે બાદ ૬ જુલાઈથી અરજી ચકાસવાની કામગીરી શરુ કરવામાં આવી હતી. જેમાં અનેક વાલીઓએ ફોર્મ ભરવામાં નાની-મોટી ભૂલ કરી હોવાથી ફોર્મ રીજેક્ટ કરવામાં આવ્યા હતા. રાજ્યમાં ૨૫૦૦૦ કરતા વધુના ફોર્મ રીજેક્ટ કરવામાં આવ્યા છે. જેથી વાલીઓને ભૂલ સુધારવા વધુ એક તક આપવામાં આવી શકે છે.

RTEની પ્રવેશ પ્રક્રિયા શરુ થતા રાજ્યભરમાં અનેક વાલીઓએ ફોર્મ ભર્યા હતા. ફોર્મ ભરવા માટે જરૂરી ડોક્યુમેન્ટ અપલોડ પણ કર્યા હતા. પરંતુ કેટલાક વાલીઓને આવકનો દાખલો, રજીસ્ટર ભાડા કરાર કે અન્ય વિગતોમાં ભૂલ કરી હતી. જેના કારણે રાજ્યમાં ૨૫૦૦૦ કરતા વધુ વાલીઓના ફોર્મ રીજેક્ટ કરવામાં આવ્યા છે. ફોર્મ રીજેક્ટ થતા વાલીઓએ શિક્ષણઅધિકારીની કચેર બહાર લાઈનો લગાવી હતી અને પોતાનું ફોર્મ સ્વીકારવા રજૂઆત કરી હતી. નાની ભૂલોને સુધારીને કેટલાકના ફોર્મ ફરીથી સ્વીકારવામાં આવ્યા હતા.

૧૫ જુલાઈએ પ્રવેશ માટેનો પ્રથમ રાઉન્ડ જાહેર કરવાનો છે. પરંતુ હજુ ૨૫૦૦૦ કરતા વધુ વાલીઓના ફોર્મ રીજેક્ટ થયા છે. જેના કારણે અનેક વાલીઓ હજુ કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા છે. જેથી ફોર્મમાં સુધારા કરવા વાલીઓને એક તક આપવામાં આવી શકે છે. વાલીઓને હજુ એક તક આપવામાં આવે તો પ્રથમ રાઉન્ડ ૧૫ જુલાઈથી ૨-૩ દિવસ પછી જાહેર થઈ શકે છે.

## શાહની મુલાકાત બાદ રાજ્યમાં IPS અધિકારીઓની બદલીઓ હાલ પૂરતી ટળી



ગાંધીનગર,

ગુજરાતમાં કલેક્ટર અને ડીડીઓની બદલીઓ બાદ અધિક કલેક્ટર, ગેસ કેડરના અધિકારીઓ તમામની બદલીઓ અને બઢતી આવ્યા બાદ એક તબક્કે આઈપીએસ અધિકારીઓની બદલીઓનું લિસ્ટ પણ રથયાત્રા બાદ જાહેર થવાની સંભાવના હતી. મનાઈ રહ્યું હતું કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની રથયાત્રા દરમ્યાનની અમદાવાદ વિઝીટ સમયે આ બદલીઓનું લિસ્ટ ચર્ચાશે અને તેમની લીલી ઝંડી બાદ તુરંત તેની જાહેરાત કરાશે. પરંતુ અમિત શાહની અમદાવાદ વિઝીટ બાદ કહાનીમાં ટ્વિસ્ટ આવ્યો છે અને હાલ પૂરતી આઈપીએસની સારી જગ્યાઓએ પોસ્ટિંગ થવાની આશા પર ઠંડુ પાણી રેડાયુ છે. અંદાજે ૭૦થી ૭૫ જેટલા આઈપીએસ અધિકારીઓની બદલી થનાર હતી. આ બદલીઓ હવે સપ્ટેમ્બર મહિનામાં થાય તેવી સંભાવના છે. એટલે કે હજુ અંદાજે દોઢ થી બે મહિના આઈપીએસ ઓફિસરોએ રાહ જોવાનો વારો આવશે. ઉલ્લેખનીય છે કે બદલીઓની સંભાવનાને લઈને ઘણા આઈપીએસ ઓફિસર્સે પોતાની હાલની વર્તમાન જગ્યા ઉપર નવા ટાસ્ક લેવાના બંધ કરી દીધા હતા અને સારી જગ્યાએ પોસ્ટિંગ માટે એડી ચોટીના જોર સાથે પ્રયત્નો શરુ કરી દીધા હતા. છેલ્લાં કેટલાંક વર્ષોથી રેલવે, જીઈબી,અને કંટ્રોલ રુમમાં સાઈડ પોસ્ટિંગ ભોગવી રહેલા અધિકારીઓ પણ મલાઈદાર પોસ્ટિંગ માટે પોતાના તમામ સોર્સનો ઉપયોગ કરીને રાજ્યમાં મહત્વની જગ્યાઓ ઉપર પોસ્ટિંગ મેળવવા માટે માહોલ ઉભો કરી રહ્યા હતા. કેટલાક વળી મહત્વના પોસ્ટિંગ માટે પોતાનુ નામ વિવિધ માધ્યમો દ્વારા વહેતું કરીને ચર્ચામાં રહેવાના પ્રયાસ કરી રહ્યા હતા તો કેટલાકે ગૃહના એક ઉચ્ચ પ્રધાનને ઉદ્યોગપતિઓ થ્રુ ભલામણ કોલ સુદ્ધા કરાવ્યા હતા. પરંતુ, હાલ પૂરતા આ તમામના પ્રયાસો ધર્યા ના ધર્યા રહી ગયા છે.

### ગૃહ મંત્રાલયનો તમામ રાજ્યોને આદેશ

## કોરોનાના નિયમોનું પાલન ન થાય ત્યાં ફરીથી પ્રતિબંધો મૂકવામાં આવે

ન્યુ દિલ્હી,

કેન્દ્રીય ગૃહસચિવ અજય ભલ્લાએ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પાઠવેલા પત્રમાં જણાવ્યું કે હજુ કોરોનાની બીજી લહેર પૂરી થઈ નથી. તમામ રાજ્યોએ ભીડને કાબૂમાં લેવાના પગલાં ભરવા જોઈએ. કોરોના પ્રતિબંધોમાં છૂટને જરા પણ અવકાશ નથી.



અજય ભલ્લાએ રાજ્યોના મુખ્ય સચિવોને પાઠવેલા પત્રમાં જણાવ્યું કે સ્થાનિક વહિવટી તંત્રને ભીડને નિયંત્રીત કરવા તથા કોરોનાના વ્યવસ્થાપન માટે જરુરી પગલાં ભરવાનો આદેશ આપવો જોઈએ. દેશમાં કોરોનાના નિયમોમાં થઈ રહેલા ભંગના મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરતા કેન્દ્ર સરકારે જણાવ્યું કે લોકો ત્રીજી લહેરની આગાહીને હવામાનની આગાહી જેવી ગણી રહ્યાં છે.

પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયને સંયુક્ત સચિવ લવ અગ્રવાલે જણાવ્યું કે જુલાઈમાં કોરોનાના અંદાજે ૭૩.૪ ટકા કેસો કેરળ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને ઓડિશામાં નોંધાયા છે. તેમણે વધારે એવી જાણકારી આપી કે મહારાષ્ટ્ર, છત્તીસગઢ, આસામ સહિત ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેન્દ્રીય ટીમો મોકલવામાં આવી છે.

તેમણે કહ્યું કે મણીપુર, મિઝોરમ, ત્રિપુરા, અરુણાચલપ્રદેશ, જેવા બીજા કેટલાક રાજ્યોમાં કેસોમાં નજીવો વધારો થઈ રહ્યો છે. જ્યારે લોકો ત્રીજી લહેર વિશે વાતો કરતા હોય છે ત્યારે તેઓ તેને હવામાનની આગાવી જેવી ગણી રહ્યાં છે અને તેની ગંભીરતા તથા જવાબદારીનો તેમને કોઈ ખ્યાલ હોતો નથી. નીતિ આયોગના મેમ્બર ડોક્ટર વી.કે પોલે જણાવ્યું કે વિશ્વમાં ત્રીજી લહેર ચાલી રહી છે અને ભારતમાં આ લહેર ન આવે તેની ખાતરી રાખવા માટે આપણા સહુએ પ્રયાસ કરવો પડશે. વિશ્વ ત્રીજી લહેરનું સાક્ષી બની રહ્યું છે ભારતમાં કોરોનાની ત્રીજી લહેર ન આવે તેનું ધ્યાન રાખવા માટે આપણે સહુએ હાથ મિલાવવા પડશે. તેમણે કહ્યું કે આજે પ્રધાનમંત્રીએ સ્પસ્ટ શબ્દોમાં કહ્યું કે દેશમાં ત્રીજી લહેરની ચર્ચા કરવાને બદલે આપણે તેને દૂર રાખવાના પ્રયાસો પર ધ્યાન કેન્દ્રીય કરવું જોઈએ.

## કેરળમાં કોરોનાનો આતંક: શનિ-રવિ સંપૂર્ણ લોકડાઉન જાહેર કરાયું




તિરુવનંતપુરમ્,

કોરોના અટકવાનું નામ ના લઈ રહ્યો હોવાની ચિંતાઓ વચ્ચે કેરળે બે દિવસના સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી છે. ગુજરાત સહિતના રાજ્યો સહિત આખા દેશમાં કોરોનાની બીજી લહેર જાણે સમાપ્ત થઈ રહી છે, પરંતુ કેરળમાં સ્થિતિ હજુય ગંભીર છે. કેરળ સરકારે બહાર પાડેલા આદેશ અનુસાર, રાજ્યમાં ૧૭-૧૮ જુલાઈ એટલે કે શનિ-રવિના રોજ સંપૂર્ણ લોકડાઉન રહેશે.

અગાઉના લોકડાઉન માટે જે પ્રમાણે ગાઈડલાઈન ઈશ્યૂ કરવામાં આવી હતી તે જ ગાઈડલાઈન આ લોકડાઉન માટે પણ અમલી રહેશે. આ બે દિવસો દરમિયાન બેંકો અને નાણાંકીય સંસ્થાઓને પણ કામકાજ બંધ રાખવાનો આદેશ અપાયો છે. બે દિવસના લોકડાઉન દરમિયાન જોકે જીવનજરુરી ચીજવસ્તુઓની દુકાનો સાંજે ૮ વાગ્યા સુધી ખૂલ્લી રહેશે. મંગળવારે કેરળમાં કોરોનાના ૧૪,૫૩૯ નવા કેસ નોંધાયા હતા અને રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨૪ લોકોના મોત થયા હતા. રાજ્યમાં અત્યારસુધી કોરોનાના ૩૦.૮ લાખ કેસ નોંધાયા છે, જેમાંથી ૨૯.૫૭ લાખ લોકો સાજા થઈ ગયા છે, જ્યારે ૧૪,૮૧૯ લોકોના મોત થયા છે.

કેરળ સિવાય મહારાષ્ટ્રમાં પણ કોરોનાના કેસોમાં ખાસ ઘટાડો નથી થયો. રાજ્યમાં હાલની તારીખે પણ રોજના સાત હજારથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. મંગળવારે પણ રાજ્યમાં ૭,૨૪૩ કેસો નોંધાયા હતા. ઉલ્લેખનીય છે કે, કોરોનાના કેસોમાં ઘટાડો થતાં મોટાભાગના રાજ્યોમાં હોસ્પિટલો ખાલી થઈ ગઈ છે અને જનજીવન પણ સામાન્ય બની રહ્યું છે. જોકે, કેરળમાં ઉલ્ટો પ્રવાહ જોવા મળી રહ્યો છે. દેશમાં સૌ પ્રથમ કોરોનાની દર્દી કેરળની જ હતી, જેને પણ ફરી ચેપ લાગ્યો હોવાના ગઈકાલે અહેવાલ આવ્યા હતા.

## આજથી રાજ્યભરમાં ધો.૧૦ અને ૧૨ના રિપીટરની પરીક્ષાનો પ્રારંભ થશે

ગાંધીનગર,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલ એટલે કે ૧૫ જુલાઈને ગુરૂવારથી ધો.૧૦ અને ૧૨ના રીપીટર્સ વિદ્યાર્થીઓની પરીક્ષાનો પ્રારંભ થનાર છે. આ પહેલા રિપીટર અને એકસટર્નલ વિદ્યાર્થીઓએ માસ પ્રમોશન આપવાની માગ સાથે હાઈકોર્ટમાં પિટીશન કરી હતી. આ પિટીશન હાઈકોર્ટે ફગાવી દીધી છે. હાઈકોર્ટે ટકોર કરી કે રાજ્યમાં શિક્ષણનું સ્તર ઉંચુ લઈ જવાનું છે, નીચું નહીં. આ સાથે જ હાઈકોર્ટે વિદ્યાર્થીઓને અભ્યાસ પર ધ્યાન આપવા પણ ટકોર કરી છે. આ પહેલા શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું હતું કે, ધોરણ ૧૦ અને ૧૨ના રિપીટરની પરીક્ષા રદ નહીં થાય. તેમણે જણાવ્યું હતું કે, રિપીટર માટે જાહેર કરવામાં આવેલો પરીક્ષાનો કાર્યક્રમ યથાવત રહેશે. આ પહેલા વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ સરકારને પત્ર લખી રિપીટરની પરીક્ષા રદ કરવા માંગ કરી હતી. આ માંગનો છેદ ઉડાવતા શિક્ષણ મંત્રીએ સ્પષ્ટ કહ્યું હતું કે, રિપીટરની પરીક્ષા નક્કી થયેલી તારીખે યોજાશે.

## રૂપાણી ૭ ઓગષ્ટે મુખ્યપ્રધાન તરીકે ૫ વર્ષ કરશે પૂર્ણ, ઉજવણીની તૈયારીઓ શરૂ

ગાંધીનગર,

પાટીદાર આંદોલન બાદ રાજયના પૂર્વ મુખ્યપ્રધાન આનંદીબેન પટેલે ૩ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ સોશિયલ મીડિયાના માધ્યમથી પોતાના રાજીનામાની જાહેરાત કરી હતી અને ત્યારબાદ ગુજરાતના નવા મુખ્યપ્રધાન તરીકે વિજય રૂપાણીના નામની જાહેરાત કરવામાં આવી હતી અને ૭ ઓગસ્ટ ૨૦૧૬ના દિવસે વિજય રૂપાણીએ મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા હતા. હવે ૭ ઓગસ્ટ ૨૦૨૧ના દિવસે મુખ્યપ્રધાન તરીકે ૫ વર્ષ પૂર્ણ કરતા આજે



બુધવારે કેબિનેટ બેઠક બાદ એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગણપત વસાવા, સૌરભ પટેલ અને પ્રદિપસિંહ જાડેજા હાજર રહ્યા હતા.સતત ૫ વર્ષ પૂર્ણ કરનારા ત્રીજા મુખ્યપ્રધાન

પત્રકારમાંથી મુખ્યપ્રધાન બનેલા કોંગ્રેસના નેતા માધવસિંહ સોલંકી ૭ જૂન ૧૯૮૦થી ૧૦ માર્ચ ૧૯૮૫ સુધી ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે રહ્યા હતા. આમ તેમણે પાંચ વર્ષ અને ૨૯ દિવસ સુધી ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યો હતો અને ત્યારબાદ તેમણે ૧૦ ડિસેમ્બર ૧૯૮૯થી ૩ માર્ચ ૧૯૯૦ સુધી ૮૩ દિવસ સુધી મુખ્યપ્રધાન તરીકે સેવા આપી હતી. માધવસિંહ સોલંકી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાદ હાલના મુખ્યપ્રધાન વિજય રૂપાણી મુખ્યપ્રધાન તરીકે સતત ૫ વર્ષ પૂર્ણ કરનારા મુખ્યપ્રધાન બનશે.

ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે ૫ વર્ષ પૂર્ણ કરનારા વિજય રૂપાણીના ૫ વર્ષના કાર્યકાળ દરમિયાન કરેલા કાર્યો અને સિદ્ધિઓને લઈને ખાસ ઉજવણી કરવામાં આવશે. આ બાબતે રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં જિલ્લા કલેક્ટરોને સૂચના પણ આપવામાં આવશે. જ્યારે રાજ્ય સરકાર દ્વારા પણ ૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરવામાં આવશે. જેનો સત્તાવાર કાર્યક્રમ ટૂંક સમયમાં જ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવશે.

## પાકિસ્તાનમાં બસમાં બ્લાસ્ટ: ૧૩ લોકોના મોત, ૯ ચીની નાગરિકોનો સમાવેશ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના ખેબર પખ્તૂનખ્વામાં એક બસમાં થયેલા બ્લાસ્ટમાં ૧૩ લોકોનાં મોત થયા છે, જેમાં ૯ ચીનના નાગરિક હતા. ઘણા ઘાયલોની હાલત ગંભીર છે. મળતા અહેવાલો પ્રમાણે પાકિસ્તાનમાં એક ડેમનું બાંધકામ ચાલી રહ્યું છે અને તેમાં ચીનની કંપની પણ કામ કરી રહી છે. આમ આ ડેમના બાંધકામમાં ચાઈનિઝ નાગરિકો પણ સામેલ છે.

આજે ચાઈનિઝ નાગરિકો અને બીજા કર્મચારીઓ તથા સુરક્ષા કરી રહેલા સૈનિકો એમ ૩૦ લોકોને લઈ જઈ રહેલી બસમાં બ્લાસ્ટ થયો હતો. જેમાં ૧૩ લોકોના મોત થયા છે. આ પૈકી ૬ ચાઈનિઝ એન્જિનિયર પણ છે. ઘાયલોની હાલત ગંભીર હોવાથી



મરનારાઓનો આંકડો વધી શકે છે.

એક વરિષ્ઠ સરકારી અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યુ છે કે ધમાકો એટલો ખતરનાક થયો હતો કે, બસ એક નાળામાં જઈને ખાબકી હતી અને ભારે નુકસાન થયુ હતું. એક ચીની નાગરિક અને એક જવાન ગાયબ પણ છે. તેમણે જણાવ્યુ હતું કે, રાહત અને બચાવ કાર્ય ચાલુ છે. સરકારી મશીનરી આ વિસ્તારમાં તૈનાત કરી દેવામાં આવી છે. જેથી ઘાયલ લોકોને જલ્દીથી હોસ્પિટલમાં પહોંચાડી શકાય. ઘાયલોની મદદ માટે એર એમ્બ્યુલન્સની મદદ પણ લેવાઈ રહી છે. આ બ્લાસ્ટમાં છ ચીની નાગરિક, એક અર્ધસૈનિક જવાન અને એક સ્થાનિક વ્યક્તિ માર્યો ગયો છે. જ્યારે કેટલાય લોકો ખરાબ રીતે ઘાયલ થયા છે.

વિસ્ફોટકોની તિવ્રતા કેટલી હતી તેની તપાસ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા ખૈબર પખ્તૂનવામાં પાક સેના પર આતંકી હુમલો થયો હતો અને તેમાં પાક સેનાના કેપ્ટન અબ્દુલ બાસિત સહિત ૧૨ જવાનોના મોત થયા હતા અને બીજા ૧૫ જવાનો ઘાયલ થયા હતા. આ ઘટનાના ગણતરીના કલાકોમાં પાકિસ્તાનમાં બીજા આતંકી હુમલો થયો છે. જોકે બસ વિસ્ફોટ માટે કોણ જવાબદાર છે તે હજી સામે આવ્યુ નથી.

હઝારા ક્ષેત્રના વરિષ્ઠ વહીવટી અધિકારીએ રોઈટર્સને જણાવ્યું હતું કે, બસ ૩૦થી વધુ ચીની ઈજનેરોને લઈને કોહિસ્તાનના દાસુ ડેમના સ્થળે લઈ જઈ રહી હતી.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવકાત ઝાઓ લિજિઆને કહ્યું કે આ હુમલાથી ચીન આઘાતમાં છે અને ઘટનાની આકરી નિંદા કરે છે. ચીની પ્રવકતાએ ઈમરાન સરકાર સામે માંગણી કરી કે આખા કેસની કડકાઈથી તપાસ થવી જોઈએ અને હુમલાના દોષિતોની ધરપકડ કરવામાં આવે અને ઈમાનદારીની સાથે ચીનના નાગરિકો અને પ્રોજેક્ટની રક્ષા કરવામાં આવે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને મળેલ જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક

લુણાવાડા,

મહીસાગર જિલ્લા કલેક્ટર ડો. મનિષ કુમારએ જલ જીવન મિશન અંતર્ગત જિલ્લાનું કોઈપણ ગામ કે ઘર નળ જોડાણ વગરનું રહેવા ન પામે અને જે કામો મંજૂર કરવામાં આવ્યા છે તે કામો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

આજે મહીસાગર ખાતે જિલ્લા કલેક્ટર ડો. મનિષકુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક મળી હતી.



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

કલેક્ટરએ જિલ્લામાં હાલ ચાલી રહેલ પ્રગતિ હેઠળના કામોની સમીક્ષા કરી આ કામોમાં કોઈ મુશ્કેલી પડે છે કેમ તેના સહિત પાણીના શુધ્ધિકરણ અને કલોરીનેશન અંગેની જાણકારી મેળવી પ્રગતિ હેઠળના કામો સત્વરે પૂર્ણ થાય તે જોવા સંબંધિતોને સુચવ્યું હતું. તેમણે યોજનાઓનું કામ ઝડપભેર પૂર્ણ થાય તો ગ્રામ્યજનોને પીવાના પાણીની સુવિધા ઝડપથી ઉપલબ્ધ કરાવી શકાય તેમ કહ્યું હતું.

આ બેઠકમાં જલ જીવન મિશન અંતર્ગત નલ સે જલ કાર્યક્રમ અન્વયે જિલ્લાના છ (૬) તાલુકાના ૪૧ ગામોના ૧૪,૭૪૫ ઘરોને નળ જોડાણ આપવા માટે રજૂ કરવામાં રૂ. ૬૪૮૬.૧૮ લાખના કામોની ગ્રામ્ય પાણીની યોજનાઓને મંજૂરી આપવામાં આવી હતી. બેઠકમાં જલ જીવન મિશન અંતર્ગત રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ નલ જે જલ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના તમામ ગામોના પ્રત્યેક ઘરમાં ૧૦૦ ટકા નળ જોડાણથી પાણી પુરૂં પાડવાના લક્ષ્યાંકને સિધ્ધ કરવા આજે ૧૦૦ ટકા ઘર નળ જોડાણની મંજૂરીની પ્રક્રિયા જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, વાસ્મો, મહીસાગર દ્વારા પૂર્ણ કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી, નિવાસી અધિક કલેક્ટર સુથાર, પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ, વાસ્મો અધિકારી એ. જી. રાજપુરા યુનિટ મેનેજર, નિકુંજ શર્મા મેનેજર, શની પટેલ જી. કો ઓર્ડીનેટર અને સમિતિના સભ્યો હાજર રહ્યા હતા.

# સંતરામપુર તાલુકાના ચીચાણી ગામે વીજળી પડતા એક યુવતી અને પશુનું મોત

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના અંતરિયાળ વિસ્તાર ગણાતો ચીચાણી ગામે ઝરમર ઝરમર વરસાદ શરૂ થયેલો હતો. તે દરમિયાન સુરેખાબેન કટારા ચાલુ વરસાદે ખેતરમાં ચરાવવા માટે બાંધેલા બળદ લેવા ગયા હતા. તે દરમિયાન માં અચાનક વીજળીના કડાકા થતા અને વીજળી પડતા જ ખેતરમાં સુરેખાબેન તથા બળદ ઉપર વીજળી પડતા જ મરણ પામ્યા હતા પરંતુ બે બળદ માંથી એક બળદનું બચાવ થયો હતો અચાનક વીજળી પડવાથી યુવતીનું મોત નિપજયું હતું. આવી કરૂણ ઘટના બનતા જ પરિવારજનોમાં ગ્રામજનોમાં શોકનું મોજું છવાઈ ગયું હતું. વીજળી પડવાથી પશુ અને સુરેખાબેન નું જીવ ગુમાવ્યો હતો આ અંગેની ગામના પ્રકાશભાઈ કટારા અગ્રણી અને જિલ્લા પંચાયત સભ્ય તાત્કાલિક સરકારી તંત્રને જાણ કરવામાં આવેલી હતી. ગરીબ પરિવારમાં પશુ અને ઘરના વ્યક્તિ જીવ ગુમાવ્યો હતો. મધ્યમ વર્ગનો પરિવાર પર આજે આ આભ ફાટી પડ્યું. આ ઘટના બનતા જ સરકાર દ્વારા ગરીબ પરિવારને સહાય રૂપ થાય ગ્રામજનોનો આગ્રહ રાખેલો હતો. સુરેખાબેન ડેડબોડીને પોસ્ટમોર્ટમ માટે સંતરામપુર ખાતે લાવવામાં આવ્યો હતો. સંતરામપુર પોલીસ ઘટના સ્થળે પહોંચીને પંચકેસ કરવામાં આવેલો હતો. સંતરામપુર પોલીસ ને તેમના પરિવારમાંથી ભાવેશભાઈ ગુલાબભાઈ કરાઈ ફરિયાદ નોંધાવી હતી.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

# વિરપુરના અલુજીની વાવમાં ટ્રેકટર અને ટ્રોલી સળગાવી દેતા ફરિયાદ

વિરપુર,

નુરપુરમાં અલુજીની વાવ તરફ રહેતા અર્જુનસિંહ પરમારના દિકરાની વહુ સાથે સંબંધિ મુકેશ પરમારના આડા સંબંધ હતા આ બાબતે તેમણે મુકેશને ઠપકો આપ્યો હતો જેની રીસ રાખી તેને અર્જુનના ઘર સામે મુકેલા ટ્રેકટરને આગલ લગાવી દીધી હતી. આગ લાગેલ ટ્રેકટરનુ ટાયર ફાટતા અર્જુનભાઈ સહિતના લોકો બહાર દોડી આવ્યા હતા. અને મુકેશને સ્થળ પરથી આગળ લગાડીને ભાગતા જોયો હતો. જેને લઈને અર્જુનભાઈએ વિરપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# મહીસાગર જિલ્લો કોરોનામુકત : સતત ચોવીસમા દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર ડો. મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં સતત ચોવીસમા દિવસે એકપણ કેસ ન નોંધાતા મહીસાગર જિલ્લો કોરોનામુકત રહ્યો છે. મહીસાગરવાસીઓએ જેમ સતત છેલ્લા ચોવીસ દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લાને કોરોનામુકત બનાવવામાં જિલ્લા વહીવટીતંત્રને સહયોગ આપ્યો છે. તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લો કોરોનામુકત રહે અને હવે જિલ્લો વેકિસનયુક્ત બને તે જોવા અપીલ કરવામાં આવી છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૪-૦૭-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૭૪૯૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

હાલ જિલ્લામાં એકપણ દર્દી સારવાર હેઠળ નથી. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૪૧૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૩૦૩૨૨૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૫-૦૭-૨૦૨૧, ગુરૂવાર, અષાઢ સુદ-૫/૬, સૂર્યોદય-૬-૧૩, સૂર્યાસ્ત-૭-૩૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ ઉત્તર ફાલ્ગુની

- શુભ ચોઘડીયા -

૧૨-૨૬ થી અભિજીત-૧૩-૧૯ સુધી ૬-૧૩ થી શુભ ૭-૫૩ સુધી, ૧૧-૧૩ થી ચલ-લાભ-અમૃત, ૧૬-૧૩ સુધી, ૧૭-૫૩ થી શુભ-અમૃત-ચલ ૧૬-૧૩ સુધી, ૧૭-૫૩ થી -શુભ-અમૃત-ચલ ૨૨-૧૩ સુધી

- શુભ હોરા-

૬-૧૩ થી ૭-૨૦ સુધી, ૯-૩૩ થી ૧૨-૫૩ સુધી, ૧૩-૫૯ થી ૧૫-૦૬ સુધી, ૧૭-૧૯ થી ૨૦-૨૬ સુધી

# લુણાવાડા બસ સ્ટેશન નજીક પ્રાઈવેટ વાહનોના જમાવડાને લઈ પાર્કિંગની સમસ્યા

ખારોલ,

લુણાવાડા એસ.ટી.સ્ટેન્ડમાં ખાનગી વાહનો અર્ડિંગો જમાવી રહ્યા છે. લુણાવાડા નગરમાઃ વિવિધ સરકારી કચેરીઓ, કોર્ટો, વગેરે કાર્યરત થતાં ગ્રામ્ય વિસ્તારની જનતા પોતાના વાહનો લઈને લુણાવાડામાં કામ પતાવવા આવન-જાવન કરી રહ્યા છે ત્યારે તેમને પોતાનુ વાહન પાર્ક કયાં કરવુ તે જટીલ સમસ્યા બની રહી છે.

આવા ખાનગી વાહનો, મોટરસાયકલો, લુણાવાડા એસ.ટી.સ્ટેન્ડમાં આડેધડ પાર્ક કરી વાહન માલિકો કામ અર્થે જતા રહે છે. પરિણામે આડેધડ પાર્કિંગ કરેલા વાહનોથી બસોના ચાલકોને મુશ્કેલી પડી રહી છે. પરિણામે અકસ્માતો સર્જાતા હોવાથી મુસાફરો અને બસ ચાલકોની વચ્ચે અથડામણો થયા કરે છે. લુણાવાડા એસ.ટી.સ્ટેન્ડમાં વાહનોના પાર્કિંગ માટે ઈજારો અપાયો છે. ચાર્જ વસુલ કરીને પાર્કિંગ સુવિધા ઉપ્લબ્ધ કરાઈ છે. પરંતુ ઈજારદારે એસ.ટી.સ્ટેન્ડના એક જ દરવાજાની સામે પાર્કિંગ સુવિધા માટે ચાર્જ વસુલ કરીને વાહનો પાર્ક કરાવે છે. જયારે એસ.ટી.સ્ટેન્ડના બીજા દરવાજે ખાનગી વાહનચાલકો વગર ચાર્જે પોતાના ખાનગી વાહનો આડેધડ પાર્કિંગ કરી નીકળી જતા હોય છે. ઈજારદારે લુણાવાડા એસ.ટી.સ્ટેન્ડના મુખ્ય પ્રવેશદ્વાર સામેથી એસ.ટી. સ્ટેન્ડની ખુલ્લી જગ્યામાં આડેધડ પાર્કિંગ કરવામાં આવતા વાહનો ઉપર કડકાઈથી રોક લગાવી પાર્કિંગ ચાર્જ વસુલીને વાહનો એસ.ટી.ને નડતરરૂપ ન બને તે રીતે પાર્કિંગ કરાવવાની કાર્યવાહી હાથ ધરવી જોઈએ તેવી માંગ ઉઠી છે.

# સંતરામપુર સબજેલની દિવાલને અડીને કરેલ રેતીના ઢગલા હટાવવા રજુઆત

સંતરામપુર,

સંતરામપુર સબજેલની દિવાલને અડીને રેતીના ઢગલા કરેલા હોવાથી સબજેલમાંથી કેદીઓની ફરાર થવાની શકયતાઓ રહેતા જાગૃત નાગરિક રાકેશ પટેલે મહિસાગર કલેકટરને લેખિત રજુઆત કરી હતી. જાગૃત નાગરિકે કરેલ લેખિત અરજીમાં જણાવેલ કે, સંતરામપુર સબજેલની દિવાલ આઝાદ મેદાનને અડીને આવેલી છે. કેટલાંક ઈસમોએ સબજેલની દિવાલને અડીને રેતીના ઢગલા કર્યા છે. જેથી જેલના કેદીઓને ભાગવામાં ફાયદો મળી શકે તેમ છે. ભુતકાળમાં સંતરામપુર સબજેલની દિવાલ કુદીને તથા દિવાલમાં બાકોરૂ પાડીને અમુક કેદીઓ ફરાર થવામાં સફળ થઈ ચુકયા છે. જો સબજેલની દિવાલને અડીને રેતીનો ઢગલો કરવામાં આવે તો કેદીઓને ફરાર થવામાં મદદરૂપ થઈ શકે છે અથવા કોઈ કેદીને જેલમાંથી ભગાડવાનુ પુર્વ કાવતરૂ પણ હોઈ શકે છે તેવા આક્ષેપો કરીને રેતીના ઢગલા ખસેડવાની કોઈ કાર્યવાહી કરવામાં નહિ આવે તો કોઈ કેદી કુદીને ભાગવામાં સફળ થશે તો તેની સંપુર્ણ જવાબદારી લાગતા વળગતા અધિકારીઓની રહેશે તેવુ અરજીમાં જણાવેલ હતુ.

# લુણાવાડા બસ સ્ટેશનમાં ST બસને રીવર્સમાં લેતાં કંપાઉન્ડ દિવાલ સાથે અથડાઈ : સદ્દનસીબે જાનહાનિ ટળી


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

લુણાવાડા એસ.ટી.બસ સ્ટેશનમાં બસને રીવર્સમાં લેતી વેળા એ ડ્રાઈવર એ તકેદારી રાખતા બસ સ્ટેશનના કંપાઉન્ડની દિવાલ સાથે અથડાતા દિવાલ ધારાશાહી થઈ હતી. સદ્દનસીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી. લુણાવાડા બસ સ્ટેશનમાં આજરોજ બપોરના સમયે એસ.ટી.બસના ડ્રાઈવર દ્વારા બસને રીવર્સમાં લેતાં હતા. દરમ્યાન ડ્રાઈવરની શરતચૂકને લઈ એસ.ટી.બસ બસ સ્ટેશનના કંપાઉન્ડ દિવાલ સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેને લઈ દિવાલ ધારાશાહી થઈ હતી. બપોરના સમયે બસ સ્ટેશનમાં મુસાફરો થી ભરચક હોય તેવા સમયે એસ.ટી.બસ કંપાઉન્ડ દિવાલ સાથે અથડાવાની ઘટનામાં સદ્દનસીબે જાનહાનિ થવા પામી નથી.

## દૈનિક રાશીફળ

તા.૧૫.૦૭.૨૦૨૧ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.):- વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.

વૃષભ(બ.વ.ઉ.):- તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

મિથુન(ક.છ.ઘ.):- તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો.

કર્ક(ડ.હ.):- તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે.

સિંહ(મ.ટ.):- ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

કન્યા(પ.ઠ.ણ.):- તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યુ.

તુલા(ર.ત.):- ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે.

વૃશ્ચિક(ન.ય.):- ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે.

મકર(ખ.જ.):- તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા બાળકના એવૉર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

કુંભ(ગ.શ.સ.):- જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે.

મીન(દ.ચ.ઝ.):- કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે.

# સંતરામપુર શહેરમાં ચોમાસાના પ્રારંભે જ અપૂરતું પાણી મળતા નગરજનો પરેશાન

સંતરામપુર,

સંતરામપુર નગરમાં પાણી પુરવઠાનુ અપાતું પાણી નિયમિત મળતું નથી. છેલ્લા છ સાત દિવસથી પાણી પુરવઠો બંધ છે. પાણીની વિતરણ વ્યવસ્થા ખોરવાતા નગરમાં પાણીની ખેંચ જોવા મળે છે. ચોમાસાના દિવસોની શરૂઆત જ છે. આ અને નગરમાં ચારે બાજુ પાણીનો કકળાટ શરૂ થઈ ગયો છે. જેથી મહિલાઓમાં રોષ જોવા મળ્યો હતો.

આજરોજ પાણીના પ્રશ્ને મહિલાઓએ નગરપાલિકા ઓફિસમાં હલ્લો કર્યો હતો અને પાણી આપવા રજૂઆત કરવામાં આવી હતી પરંતુ રજૂઆત કરવા ગયેલી મહિલાઓને પ્રજાના સેવક ગણાતા ગણાતા અધિકારીઓ હાજર મળી આવ્યા નહીં અને અગાઉ બાંધકામ શાખામાં ફરજ બજાવતો અને ગેરરીતિ કરતાં ઝડપાઈ ગયેલો અને સસ્પેન્ડ થયેલો મહેશ પટેલ નામનો કર્મચારી આવી મહિલાઓ સાથે ગેરવર્તણૂંક કરતો જોવા મળ્યો હતો અને મહિલાઓને અહી કોઈ હાજર નથી. આવે ત્યારે તેવો ઉડાઉ જવાબ આપ્યો હતો.


પાલિકાના કર્મચારી દ્વારા મહિલાઓ સાથે ગેરવર્તણૂંક કરાઈ

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ઘટનાનુ કવરેજ કરવા ગયેલા પત્રકારને ભ્રષ્ટાચારનો ઘબ્બો લઈને ફરતા કર્મચારીએ લુખ્ખી ધમકી આપી હતી કે જો આ સમાચાર પ્રસિધ્ધ થયા તો ટાંટિયા ભાંગી નાખીશ અને કયાય ગાયબ કરી દઈશ ખબર પણ નઈ પડે. તેવી ધમકી આપવામાં આવી હતી.

# હાલોલના કંજરી ગામે ટ્રેકટરમાંથી પડેલ બાળકને સારવાર માટે ખસેડતા મોત

હાલોલ,

હાલોલ તાલુકાના કંજરી ગામે કાકાએ ટ્રેક્ટર પુરઝડપે હંકારતા ટ્રેક્ટરમાં બેઠેલ બાળક પડી જતાં જમનો પગ કપાઈ જતા હાલોલ રેફરલ ખાતે ખસેડાતા જયાંથી વધુ સારવાર માટે વડોદરા સયાજી હોસ્પિટલમાં ખસેડાતા સારવાર દરમિયાન બાળકનુ મોત નીપજ્વા પામ્યુ હતુ.

કંજરી ગામે રહેતા કિશોર ચેતન પરમારનો આઠ વર્ષનો પુત્ર ક્રિષ્ણા તેના કાકા અશોક ડાભાભાઈ પરમાર સાથે ટ્રેક્ટરમાં ખેતરમાંથી ઘરે પરત ફરી રહ્યા હતા દરમિયાન અશોકે ટ્રેક્ટર પુરઝડપે હંકારતા બેઠેલો આઠ વર્ષિય ક્રિષ્ણા ટ્રેક્ટર પરથી નીચે પડી જતાં બંને પગમાં ટ્રેક્ટરની બ્લેડ વાગી જતા જમણો પગ કપાઈ ગયો હતો. જેથી તેને હાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જયાં તેને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે વડોદરા સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જયાં તેનુ સારવાર દરમિયાન મોત નીપજયું હતુ. બનાવ અંગે અકસ્માતમાં ભોગ બનનાર ક્રિષ્ણાના પિતાએ કિશોરભાઈ પરમારે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# દે.બારીયા તાલુકાની સસ્તા અનાજની દુકાનોના સંચાલકો દ્વારા અડધો માસ વિતવા આવ્યા બાદ પણ અનાજનું કાર્ડધારકોને વિતરણ કરાયું નથી

દે.બારીયા,

નામદાર સુપ્રિમ કોર્ટ ૨૯/૦૬/૨૦૨૧ મંગળવારના એક મહત્વના ચુકાદો સંભળાવ્યો હતો કે તમામ રાજ્યો ૩૧ જુલાઈ સુધીમાં વન નેશન વન રાશનકાર્ડ યોજના લાગુ કરવી આ આદેશ નામદાર સુપ્રિમ કોર્ટ માનનિય જસ્ટીસ અશોક ભુષણની આગેવાની બેંચે આ અતિ મહત્વનો ચુકાદો સંભળાવ્યો અદાલતે કહ્યું હતું કે, પ્રત્યેક રાજ્ય પ્રવાસી મજદુર દેશના કોઈપણ જગ્યાએથી રાશનકાર્ડના આધારે સરકારી સ્કીમનો લાભ લઈ શકે પરંતુ અહીં તો જે રાશન પહેલી તારીખે આપવામાં આવતું હતું. તે ૧૫ તારીખ આવી ત્યાં સુધી દુકાનો ઉપર અનાજનો જથ્થો પહોંચાડાયો નથી શા કારણે ?

કોવિડ-૧૯ સ્થિતી રહે ત્યાં સુધી ફ્રી રાશન આપવાના નિર્દેશનું શું ? પંડિત દિન દયાલ ઉપાધ્યાય સસ્તા અનાજની દુકાનો ઉપર કાર્ડધારકો પહેલી જુલાઈ થી ધકકા ખાય છે પણ અનાજનો જથ્થો આવ્યો નથી. તેવા જવાબો આપવામાં આવે છે. શું જીલ્લા પુરવઠા વિભાગનું વહીવટી તંત્ર અગાઉની જેમ એડવાન્સ અનાજનો જથ્થો ફાળવવામાં કે નિષ્ફળ થઈ રહ્યું છે ? શું અનાજ માફિયાની સાથે સાંઠગાંઠ તો થઈ નથી ને તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. અગાઉની જેમ મહિનાની ૨૫ તારીખોમાં આગલા મહિનાનું અનાજ આપવામાં આવતું હતું. તેથી દુકાનદારો પહેલી તારીખે અનાજ વિતરણ શરૂ કરી દેતા હતા પણ છેલ્લા બે - ત્રણ માસ થી એડવાન્સમાં અનાજનો જથ્થો ફાળવવામાં ના આવતા વિતરણ કરવામાં અડધો માસ થઈ જાય છે. જુલાઈની ૧૫ તારીખ આવી છે. તેમ છતાં વિના મૂલ્યે તથા મૂલ્ય વાળુ કોઈ જ પ્રકારનો જથ્થો દુકાનદારો એ વિતરણ કર્યું નથી.જેથી લાગતા વળગતા પદના અધિકારીઓ આ વિતરણ વ્યવસ્થાને પહેલાની જેમ પાટે લાવે તેવી કાર્ડધારકોની માંગ ઉઠવા પામી છે.

# મોરવા(હ)ગાજીપુર ગામે ભેંસ ઉપર આકાશી વીજળી પડતા મોત

શહેરા,

મોરવા(હ)તાલુકાના ગાજીપુર ગામે રાત્રિના સમયે ભેંસ ઉપર વીજળી પડતા ભેંસનુ મોત થયુ હતુ. પંચમહાલ જિલ્લાના મોરવા(હ)તાલુકાના ગાજીપુર ગામે ભેંસ ઉપર વીજળી પડતા ભેંસનુ મોત થયુ હોવાનો બનાવ બન્યો હતો. ગાજીપુર ગામના પટેલ ફળિયામાં રહેતા છત્રાભાઈ નાનાભાઈ પટેલના ઘરની આગળ ખુલ્લા ભાગમાં તેઓની ભેંસ બાંધેલ હતી તે સમયે ભેંસ ઉપર વીજળી ત્રાટકતા ભેંસનુ મોત થયુ હતુ. જો કે ભેંસ માલિક દ્વારા ગાજીપુર ગ્રામ પંચાયતના સરપંચને જાણ કરતા તેઓ સ્થળે દોડી આવ્યા હતા અને આ બાબતે મોરવા(હ)પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ધાનપુરના ખજુરી ગામે પરણિત પ્રેમી સાથે ભગાડી જવાના મામલે મહિલાને નિર્વસ્ત્ર કરવાના ગુનામાં ૧૯ લોકોની ધરપકડ




ધાનપુર,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ખજુરી ગામે ગતરોજ ચકચારી બનાવ બન્યો હતો. જેમાં એક પરિણીતા પોતાના પ્રેમી સાથે ભાગી જતા તેને પતિ તથા સાસરિયાઓ તેમજ ગ્રામજનોના ૨૦થી વધુ ટોળાએ નિવસ્ત્ર કરી તેના ખભા ઉપર પતિને બેસાડી ગામમાં ફેરવી હતી. આ ઘટનાનો સમગ્ર વિડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં પોલીસે આ મામલે ૨૦થી વધુ વ્યક્તિઓના ટોળા વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. આ સંદર્ભે એકશનમાં આવેલી પોલીસે ૧૯ જેટલા લોકોની આજરોજ અટકાયત કરી જેલના સળીયા પાછળ ધકેલી લીધાનું જાણવા મળે છે અને અન્યોના પણ ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. આવનાર દિવસોમાં અટકાયત કરવામાં આવેલ આ વ્યક્તિઓને કોર્ટમાં હાજર કરવાની પણ તજવીજ પોલીસે હાથ ધરી છે.

દાહોદ જિલ્લા સહિત ગુજરાત રાજ્યમાં હચમચાવી દેનાર તેવી ઘટના દાહોદ જીલ્લા આદિવાસી બાહુલ્ય ધરાવતા ધાનપુર તાલુકાના ખજુરી ગામે બનવા પામી હતી. આ બનાવના ઉચ્ચસ્તરીય પડઘા પણ પડ્યા હતા અને આ ઘટનાને પગલે જિલ્લાવાસીઓમાં આક્રોશ પણ ફેલાવા પામ્યો છે. ઘટનાને પગલે સ્ત્રી સશક્તિકરણની મોટી મોટી થતી વાતોના છડેચોક ધજાગરા પણ ઉઠ્યા છે. ધાનપુર તાલુકામાં રહેતી એક પરિણીતા પોતાના પ્રેમી સાથે ભાગી ગઈ હતી. જેની અદાવત રાખી તેનો પતિ અને સાસરિયાઓ તેમજ ગ્રામજનો દ્વારા પરિણીતા અને તેના પ્રેમીને પકડી લાવ્યા હતા. બાદમાં બંનેને ઢોર માર મારી પરિણીતાની ખેંચતાણ કઈ તેને પહેરી રાખેલ કપડા ફાડી નાખ્યા હતા અને તેને નિર્વસ્ત્ર કરી તેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. આ ઉપરાંત પરણિતાના ખભા ઉપર તેના પતિને બેસાડી ગામમાં તેને ફેરવી હતી. આ સમગ્ર ઘટનાનો વીડિયો દાહોદ જિલ્લા સહિત ગુજરાત રાજ્યમાં વાયરલ થતા સૌ કોઈમાં આક્રોશ ફેલાઈ જવા પામ્યો હતો. ઘટના સંદર્ભે એકશનમાં આવેલ તાત્કાલિક ધોરણે કાર્યવાહીના પગલાં લઈ પરિણીતાના પતિ સહિત ૧૯ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી જેમાં દિનેશભાઈ કાનીચાભાઈ, પપ્પુભાઈ કાનીચાભાઈ, ભરતભાઈ સાવલાભાઈ, રાકેશભાઈ સાવલાભાઈ, નવલસિંહ કસનાભાઇ, રમેશભાઈ, મેહુલભાઈ સબુરભાઈ, સબીચાભાઈ દહરિયાભાઈ, સંજયભાઈ દિયાચાભાઈ, દિતિયભાઈ નાનાભાઈ, મડિયાભાઈ દિતિયભાઈ, લક્ષ્મણભાઈ સબિયાભાઈ, રણજીતભાઈ, સબૂરભાઈ નાનાભાઈ, અખીલભાઈ મડિયાભાઈ, મનીષભાઈ સબિયાભાઈ, વિનાભાઈ બદિયાભાઈ, પાંગલાભાઈ બદિયાભાઈ તમામ જાતે મછાર નાઓને પોલીસે અટકાયત કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

## ફતેપુરા તાલુકાના બારીયાની હાથોડ ગામે “નલ સે જલ” યોજનાની પાઈપ લાઈન યોગાસન મુદ્રામા

**પાઈપ લાઈન માત્ર અડધો ફુટ ઉંડી દબાવતા પાઈપો બહાર નીકળી ગઈ**

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના બારીયાની હથોડ ગામમાં પાણીપુરવઠા વિભાગ દ્વારા પાણી માટે લાઈન નાખવામાં તો આવી પરંતુ પાણી આવતા પહેલા જ ઠેર ઠેર તૂટેલી હાલતમાં જોવા મળે છે. દાહોદ જિલ્લાના આદિવાસી વિસ્તાર ગણાતા ફતેપુરા તાલુકામાં પાણી માટે જીવા દોરી સમાન ભાણાશિમલ પાણી જૂથ યોજના લાઈનો નાખવા માં તો આવી છે, પરંતુ જે ખેતરમાં લાઈન નાખેલી હોય છે. ત્યાં એક ફૂટ જેટલો જ ખાડો કરી ને લાઈન દબાવેલ હોવા થી ટ્રેક્ટર થી ખેડતી વખતે પાઈપ બહાર નીકળી આવે છે અને અમુજ જગ્યા એ તૂટી પણ જાય છે. ત્યારે સવાલ એ છે આ યોજના ફક્ત દેખાવ માટે છે કે પાણી પણ આપવામાં આવશે એક એવો સવાલ છે. જયારે સરકાર દ્વારા આવી વિવિધ યોજના ઓ અમલ મુકવા માં તો આવી છે પરંતુ કોન્ટ્રાક્ટરો દ્વારા યોગ્ય કામ ન થતું હોવા થી ગરીબ આદિવાસી પ્રજાને પાણી મળતું નથી અને કોન્ટ્રાકટરો ના ફક્ત ખિસ્સા ભરાતા હોય તેવું જણાઈ આવે છે જયારે આવી યોજનામાં બારીયાની હાથોડમાં ત્રીજી વાર આ રીતે ઠેર ઠેર ખોદ કામ કરીને પાઈપ લાઈન નાખવામાં તો આવે છે પરંતુ પાણી આવતું નથી. ત્યારે અધિકારી તપાસ માં આવે તો ખ્યાલ આવે પણ આમાં અધિકારી ઓ ને કોઈ રસ હોય તેમ લાગતું નથી અધિકારીઓને મોટી મલાઈ મળતી હોય તેમ હાથ હાથ રાખીને બેસી રહેવામાં જ રસ હોય તેમ લાગે છે. જયારે ફતેપુરા તાલુકાના દરેક ગામડામાં આવી રીત ખોદકામ કરી ને અનેકવાર પાઈપ લઈનો તો નાખવામાં આવે છે પણ પાણી ટીપુંએ હજી સુધી આવ્યું નથી. ત્યારે જોવાનું એ રહ્યું કે સરકારનું સપનું “ નલ સે જલ ” યોજના આ રીતે સાકાર થશે.

જયારે અગાઉ પણ ફતેપુરા, સંતરામપુર, ઝાલોદ તાલુકામાં ૧૭૪ જેટલાં ગામોને શુદ્ધ પીવાનું પાણી મળે તે હેતુ થી વર્ષ ૨૦૧૦ માં પણ સુજલામ સુફલમ યોજના અંતર્ગત ભણસીમળ ભાગ ૧ અને ૨ અમલમાં મુકાઈ હતી. જેના ૧૧ વર્ષ પૂર્ણ થવા આવ્યા બાદ પણ હજી ૨૫ જેટલાં ગામડાઓમાં ટીપુંએ પીવાનું પાણી પહોંચ્યું નથી. ત્યારે લોકોને ભર શિયાળે પાણીના ટેન્કર લેવાનો વારો આવે છે. સુજલામ સુફલામ યોજના અંતર્ગત ભાણાસીમલ જૂથ પાણી પુરવઠા યોજના સંતરામપુર, ઝાલોદ અને કડાણા ડેમથી પાઈપ લાઈન મારફતે શુદ્ધ કલોરીનેશન વાળું પાણી આપવાની યોજના હતી. જોકે, વહીવટી તંત્રની બેદરકારીના કારણે આ યોજના સાર્થક થઈ શકી નથી. પાણી વિતરણ માટે વર્ષ ૨૦૧૦ માં યોજના શરૂ કરવામાં આવી હતી. જેમાં ૧૧ વર્ષ બાદ પણ મોટાભાગના ગામોમાં લાખો રૂપિયાના ખર્ચે ટાકાઓ પણ બનાવેલ છે. જે પણ પણ જર્જરિત અવસ્થામાં ફેરવાઈ ગયા છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે હવે આ યોજના દ્વારા પાણી ગરીબો સુધી પહોંચે છે કે પછી કોન્ટ્રાકટરોના ખીસ્સા જ ભરાય છે.

# ફતેપુરા તાલુકાના નિદંકાપુર્વ ગામની સિંચાઈ કેનાલ રીપેરીંગ કરવામા સિંચાઈ વિભાગની બેદરકારીના કારણે ખેડૂતોના પાકને નુકશાન

**- અનેકવાર રજુઆત કરવા છતા સિંચાઈ વિભાગ દ્વારા કેનાલ રીપેરીંગ કરવામા આવતી નથી.**

**- કેનાલ રીપેરીંગ ફક્ત કાગળ બતાવી લાખો રૂપીયાનો ભ્રષ્ટાચાર આચર્યાનો ખેડૂતોનો આક્ષેપ.**

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના નિદંકાપુર્વ ગામની સિંચાઈ કેનાલ તુટી જતા ખેડૂતોએ વારંવાર સિંચાઈ વિભાગ ને રજૂઆત કરવા છતા રીપેરીંગ નહિ કરવામા આવતા કેનાલનુ પાણી આજુ બાજુના ખેતરોમા ફરી વળતા ખેડૂતોના પાકને ભારે નુકસાન થતા ખેડૂતોમા ભારે રોષ જોવા મળ્યો હતો.

દાહોદ જીલ્લામાં મોટા ભાગે વરસાદ આધારીત ખેતી થાય છે. હાલમાં વરસાદ ખેંચાતા ખેડૂતોને વાવણી કરેલા પાકને બચાવવાની ચિંતા સતાવી રહી છે. સિંચાઈની પણ પુરતી વ્યવસ્થા ન હોવાથી ખેડૂતો મુશ્કેલીમા મુકાયા છે. તેવામાં દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં નિદંકાપુર્વ ગામની વર્ષ ૧૯૭૫માં બનાવેલી સિંચાઈ કેનાલ ખેડૂતો માટે આશિર્વાદ સમાન છે. પરંતુ આ કેનાલ છેલ્લા કેટલાક સમયથી જર્જરીત હાલતમાં છે. કેનાલમાં ઠેર ઠેર ગાબડા પડી ગયા છે, જેના કારણે કેનાલમા તળાવ માંથી પાણી છોડવામાં આવતા કેનાલના ગાબડાઓ માંથી પાણી આજુ બાજુના ખેતરોમાં ફરી વળતા ખેડૂતોના પાકને ભારે નુકસાન વેઠવાનો વારો આવે છે. નિદંકાપુર્વ ગામના ખેડૂતોએ કેટલીક વાર પોતાના ખર્ચે કેનાલ રીપેરીંગ કરી છે, પરંતુ કોરોના કાળમા ખેડૂતોની આર્થિક સ્થિતિ ખુબ જ દયનીય બની છે. જેના કારણે હવે ખેડૂતો પોતાના ખર્ચે કેનાલ રીપેરીંગ કરી શકતા નથી. ગામના માજી સરપંચ સહિત ગામના ખેડૂતોએ કેનાલ રીપેરીંગ કરવા માટે છેલ્લા એક વર્ષથી સિંચાઈ વિભાગ ના અધિકારીઓને લેખિતમા રજુઆતો કરી રહ્યા છે, પરંતુ સિંચાઈ વિભાગ ના અધિકારીઓના પેટનુ પાણી પણ હાલતુ નથી અને અધિકારીઓ દ્વારા આજ દિન સુધી ખેડૂતોની રજૂઆત બાબતે કોઈ જ કાર્યવાહી કરવામા આવી નથી. ખેડૂતો દ્વારા અનેકવાર રજૂઆતો બાદ પણ સિંચાઈ વિભાગના અધિકારીઓ સ્થળ ચકાસણી કરવામા આવતી નથી. જેથી સિંચાઈ વિભાગ ના અધિકારીઓ સામે ખેડૂતોમા ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નિદંકાપુર્વ ગામે આવેલી સિંચાઈ વિભાગની કેનાલને રીપેરીંગ કરવામા આવે તો લીમ્બાખેડી અને આસપુર ગામના ૫૦૦ થી વધુ ખેડૂતોને સિંચાઈ નો લાભ મળી શકે તેમ છે, પરંતુ કુંભકર્ણ નિદ્રા મા સુતેલુ સિંચાઈ વિભાગને ખેડૂતોની વ્યથાનુ નિરાકરણ આવે તેમા કોઈ જ રસ હોય તેમ લાગતુ નથી. ત્યારે હવે ખેડૂતોની રજૂઆત સંદર્ભે સિંચાઈ વિભાગ કેનાલ રીપેરીંગ માટે કોઈ કાર્યવાહી કરશે કે કેમ તે તો આગામી સમય મા જોવાનું રહેશે.

## ફતેપુરા ગ્રામપંચાયતના તલાટી દ્વારા ભૂ માફિયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ

ફતેપુરા,

ફતેપુરા તાલુકા ફતેપુરા મુખ્ય મથક ફતેપુરા શહેર ભૂમાફિયાની નગરી તરીકે પણ જાણીતું છે. જમીન કૌભાંડો ફતેપુરા મા સૌથી વધુ બહાર આવે છે. આ શહેરમાં આજે પોલીસે ભૂ માફિયા વિરૂદ્ધ પહેલી ફરિયાદ નોંધી.

ફતેપુરા તાલુકામાં ફતેપુરા ગ્રામપંચાયતમાં આવેલ સરકારી પડતર જમીન સર્વે નં ૩૩૫ વાળી જમીનમાં તળાવ બનાવેલ છે. જે તળાવની પાછળના ભાગે બન્ને આરોપીઓની માલિકીની જમીન હોય જેથી સરકારી જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી તળાવના પાછળના ભાગે ખોદકામ કરી સરકારી મિલક્ત નુકશાન પહોંચાડેલ હોય તો તાલુકા વિકાસ અધિકારી એ પંચાયત કચેરી જાણ કરતા સરકારી મિલકતમાં ખોદકામ કરનાર ઈસમો વિરૂદ્ધ ગ્રામપંચાયતના તલાટી એ ફતેપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરેલ છે.

## ફતેપુરા મામલતદારની નિષ્ક્રિયતાના કારણે તાલુકામાં ગરીબોના હક્કના સરકારી અનાજનો જથ્થો બારોબાર સગેવગે કરવાનો ધમધમતો કાળો કારોબાર : પુરવઠા વિજીલન્સની ટીમ દ્વારા ક્રોસ તપાસની લોકમાંગ

ફતેપુરા,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાની સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનોના સંચાલકો દ્વારા ગ્રામ્ય વિસ્તાર ની ગરીબ પ્રજાને તેમના હક્કનુ પુરતુ અનાજ નહિ આપતા હોવાની અનેક ફરિયાદ અરજીઓ સ્થાનીક ફતેપુરા મામલતદારને આપવા છતા મામલતદાર તરફથી કોઈપણ પ્રકાર કાર્યવાહી કરવામા નહિ આવતા પ્રજામા મામલતદાર ની કામગીરી સામે ભારે રોષ ફેલાયો છે.

હાલમાં કોરોના મહામારી ની બીજી લહેરના કારણે ગરીબ પરિવારોને બે ટંકનુ ભોજન પણ માંડ મળી રહ્યુ છે. કેન્દ્ર સરકાર દ્વારા મે-૨૦૨૧ ના મહિનાથી બી.પી.એલ., અંત્યોદય અને એન.એસ.એફ.એ. અગ્રતા ધરાવતા ગરીબ રેશનકાર્ડ ધારકોને તેઓને દર માસે મળતા અનાજના જથ્થા ની સાથે પ્રધાનમંત્રી અન્ન સુરક્ષા યોજના હેઠળ વ્યકિત દિઠ-૩.૫૦૦ કિ.ગ્રા. ઘઉ અને ૧.૫૦૦ કિ.ગ્રા. ચોખા મફત અનાજ આપવાની જાહેરાત કરી છે. પરંતુ ફતેપુરા તાલુકાના સરકારી અનાજના દુકાનદારો કાળાબજાર કરવા ટેવાયેલા હોય સરકાર ની યોજના મુજબ પુરેપુરો જથ્થો ગરીબ રેશનકાર્ડ ધારકોને આપવામા આવતો નથી, દુકાનદારો દ્વારા ગરીબ રેશનકાર્ડ ધારકોની અજ્ઞાનતાનો લાભ લઈ ઓછુ અનાજ આપી બાકીનો જથ્થો ચાઉ કરી જતાં હોવાની અનેક ગામો માંથી બૂમો ઉઠી રહી છે. ફતેપુરા તાલુકાની સસ્તા અનાજની દુકાનોમા ચાલતા ભ્રષ્ટાચાર મામલે બી.ટી.એસ. દ્વારા તા.૨૪/૦૫/૨૦૨૧ અને તા.૧૫/૦૬/૨૦૨૧ ના રોજ લેખિત રજૂઆત કરવા છતા ફતેપુરા મામલતદાર દ્વારા આજ દિન સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરી નથી, જેથી મામલતદાર ની સીધી દુકાનદારો સાથેની મિલીભગત હોવાની શંકા વધુ મજબુત બની રહી છે, સરકારી દુકાનદારો મામલતદાર ને પોતાની કાળી કમાણી માથી હિસ્સો આપતા હોવાની પણ લોક ચર્ચાઓ પંથકમા જોર શોરથી ચર્ચાઈ રહી છે. જયારે મામલતદાર જ ભ્રષ્ટાચાર કરતા દુકાનદારોને છાવરતા હોય તો ગરીબ જનતા રજુઆત કરે તો કોને કરે તે પણ એક સવાલ છે.

ત્યારે હવે રાજ્ય સરકારની પુરવઠા વિજીલન્સ ની ટીમ દ્વારા ફતેપુરા તાલુકાની સરકારી દુકાનોમાં ચાલતા ભ્રષ્ટાચારની તપાસ કરવામાં આવેતો અનેક દુકાનદારોને ઘરભેગા થાય તો નવાઈ નહી. ત્યારે રાજ્ય સરકારની પુરવઠા વિજીલન્સની ટીમ ફતેપુરા તાલુકામા ક્રોસ તપાસણી કરે તો મસમોટો ભ્રષ્ટાચાર બહાર આવી શકે તેમ છે.

# આહાર ટ્રસ્ટનું ગરીબ પરિવારને નવા ઘર “હરિ નિવાસ” નું નજરાણું




તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દાહોદ,

ખુબજ ગરીબાઈ હોવા છતાં કોઈની પાસે કશું પણ નહીં માંગતા એવા સ્વાભિમાની અને ખુદ્દાર તથા લોકોના ઘરમાં ઘરકામ કરીને પોતાનું પેટિયું રળતા અને દેવગઢ બારિયાના છેવાડાના વિસ્તારમાં ડુંગરની તળેટીમાં ખંડેર થઇ ગયેલ જેવા ઝુંપડામાં રહેતા એવા વયોવૃદ્ધ આહારના લાભાર્થી વિધવા રેશમબેન રયજીભાઈ નાયક, પુત્રી ગૌરી અને માનસિક ક્ષતિવાળો પુત્ર નિકુલ નાયક માટે નવું પાકું ૩૫x૨૦ ફૂટનું ઘર આહારના ટ્રસ્ટી એવા રણજીતનગરના હર્ષદભાઈ પંચાલના સહયોગથી,આહાર ટ્રસ્ટ દ્વારા બનાવી, આજે તારીખ ૧૩-૦૭-૨૧ ના રોજ તેઓનો ગૃહ પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. નવા ઘરનીં સાથે સાથે ગરીબ, ખુદ્દાર પરિવારને ઘરમાં જરૂરી એવી તમામ વસ્તુઓ, જેવી કે બે પલંગ-સ્ટીલના તમામ જરૂરી વાસણો-વાસણનો ઘોડો-તેમના ઈષ્ટદેવના ફોટાઓ તથા ઘરના સભ્યોને ચંપલ-અને બે જોડી નવા કપડાં પણ આપવામાં આવ્યા હતા. સાથે સાથે અડોશ પાડોશમાં રહેતા સૌ ઝૂંપડવાસીઓ અને આહારના લાભાર્થીઓને ટ્રસ્ટ દ્વારા બોલાવીને દાળ-ભાત -શાક અને લાપસીનું પાકું ભોજન જમાડતા આ ગરીબ પરિવારમાં અગાઉ કદી પણ કોઈ પ્રસંગ ન થયેલ હોઈ તેઓ સૌમાં ન ધાર્યું હોય તેવી અનમોલ ખુશીઓ આવી ગઈ હતી. તેવું તેઓના ચેહરા પર સ્પષ્ટ દેખાતું હતુ.આહાર ટ્રસ્ટ દ્વારા ગરીબોને રાંધેલું મફત ભોજન-મફત પ્રાથમિક સારવાર-ઘરવખરી-છોકરાઓને અભ્યાસમાં તમામ પ્રકારની સહાય-જરૂરિયાત વાળાઓને પાકું મકાન તથા છોકરીના લગ્નમાટે પણ તમામ સહાય ઉપરાંત કામ કરી શકે તેવાઓને કામ અને રોજગારીના સાધનો મળતાં દેવગઢ બારીયાના ગરીબોનું જીવનધોરણ ઊંચુ લાવવાના તમામ પ્રયાસોને કારણે ગરીબોમાં સર્વત્ર આનંદની લાગણી પ્રસરી રહી છે.

## ઝાલોદના મેલાનીયા ગામેથી દેશી બનાવટની પિસ્તોલ સાથે ઝડપી પાડયો

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના મેલાનીયા ગામેથી એક યુવક પોતાની સાથે પાસ પરમીટ વગરની દેશી હાથ બનાવટની માઉઝર પિસ્તોલ લઈ પસાર થઈ રહ્યો હોવાની પોલીસને બાતમી મળતા પોલીસે આ સ્થળે વોચ ગોઠવી તેની પાસેથી રૂપિયા ૧૫ હજારની કિંમતની દેશી હાથ બનાવટની માઉઝર પિસ્તોલ સાથે ઝડપી પાડી તેની મોટરસાયકલ પણ કબજે લીધાનું જાણવા મળે છે.

ગત તારીખ ૧૩મી જુલાઈના રોજ નીતિનકુમાર મહેશભાઈ વસૈયા પોતાના કબજાની મોટરસાયકલ પર સવાર થઈ ઝાલોદ તાલુકાના મેલાનીયા ગામેથી પસાર થઈ રહ્યો હતો. પોલીસને મળેલ બાતમીના આધારે ઉપરોક્ત યુવક પોતાની સાથે વગર પાસ પરમીટે દેશી હાથ બનાવટની માઉઝર પિસ્તોલ તેની પાસે હોવાનું પોલીસને માહિતી મળી હતી. માહિતી મળતાની સાથે પોલીસ મેલાનીયા ગામે વોચ ગોઠવી હતી અને નીતિનકુમાર જેવો તેની મોટરસાયકલ સાથે ત્યાંથી પસાર થતા પોલીસે તેને દબોચી લીધો હતો. પોલીસે તેઓની અંગજડતીમાંથી રૂપિયા ૧૫ હજારની કિંમતની પાસ પરમીટ વગરની દેશી હાથ બનાવટની માઉઝર અને ૨૫,૦૦૦ની કિમતની મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૪૦ હજારનો પોલીસે મુદ્દામાલ કબજે કરી પોલીસે નીતિનકુમાર મહેશભાઈ વસૈયા વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડા નગરમાંથી લોક મારી પાર્ક કરેલ મોટરસાયકલની ઉઠાંતરી

લીમખેડા,

ગત તારીખ ૧૨મી જુલાઈના રોજ લીમખેડા તાલુકાના નાનામાળ ગામે ભરવાડ ફળીયામાં રહેતા પરસોત્તમભાઈ મૂળિયાભાઈ ભરવાડ લીમખેડા નગરમાં કોઈ કામ અર્થે આવ્યા હતા અને તેઓએ પોતાની મોટરસાયકલ તાલુકા શાળા ની બાજુમાં મહાકાળી ની ચાલી ખાતે લોક મારી પાર્ક કરી હતી.આ મોટરસાયકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટર સાયકલ નું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતા આ સંબંધે પરસોત્તમભાઈ મૂળિયાભાઈ ભરવાડએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ખેડૂતોએ બિયારણ-ખાતર-જંતુનાશક દવાની ખરીદી સરકાર માન્ય વિક્રેતા પાસેથી જ કરવી

દાહોદ,

દાહોદ કૃષિ વિભાગના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)એ દાહોદના ખેડૂતોને આ વર્ષાઋતુમાં પ્રાકૃતિક ખેતી અપનાવીને બમણું ઉત્પાદન અને આવક કરવા માટે જરૂરી માહિતી આપી છે. ખેડૂતો આ સોનેરી સલાહનું પાલન કરીને ખેતીમાં વિકાસની નવી ક્ષિતિજો સર કરી શકશે. આ ઉપરાંત રાસાયણિક ખાતરોની ખરીદી કરતી વખતે ખેડૂતોએ કેટલીક સાવચેતીઓનું પાલન કરવું પણ જરૂરી છે. તેમણે ખેડૂતોને લાભાર્થે કેટલીક મહત્વની બાબતો જણાવી છે તે અવશ્ય ધ્યાનમાં લેવી જોઈએ.

દાહોદ જિલ્લાના ખાતરના ડીલરો પાસે પ્રર્યાપ્ત માત્રામાં વિવિધ રાસાયણિક ખાતર ઉપલબ્ધ છે. જેમાં ખેડૂતો આધાર કાર્ડના ઉપયોગથી પોશ મશીન દ્વારા યુરીયા ૨૬૬.૫૦, ડીએપી ૧૨૦૦ , એનપીકે ૧૨-૩૨-૧૬ ખાતર ૧૩૧૦, સરદાર એ.પી.એસ. ૧૦૫૦, એન.પી.કે. ૧૦-૨૬-૨૬ ના ૧૩૦૦, નાઈટ્રો ફોસ ૯૫૦ ની સરકાર દ્વારા નિયત ભાવ ચુકવણી કરી ખરીદી કરવી. કિંમતો સમયાનુસાર નજીવા ફેરફારને પાત્ર છે. બિયારણ, ખાતર, જંતુનાશક દવાની ખરીદી સરકાર માન્ય વિક્રેતાઓ પાસેથી જ ખરીદી કરવી. બિયારણ, ખાતર, જંતુનાશક દવા ખરીદીના પાકા બીલો મેળવી રાખવા તથા મુદતવાળાં બિયારણ, દવાની ખરીદી કરવી.

દાહોદ જિલ્લામાં ઘણા ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યાં છે. જેથી એસ.પી.એન.એફ. પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં ખેડૂતોએ કોઇ પણ પ્રકારનું રાસાયણિક ખાતર, જંતુનાશક દવા બહારથી એગ્રો સેન્ટરમાંથી ખરીદવાની જરૂરીયાત રહેતી નથી. દાહોદ જિલ્લાના ખેડૂતોએ ઘંઉ, ચણા ,શાકભાજી પાકોમાં દેશી ગાયના આધારિત પોતાના ઘરે બનાવેલ જીવામૃત તથા લીમડો જેવા વિવિધ વનસ્પતિના પાનમાંથી બનાવેલ જંતુનાશક દવા, ખાટી છાશના ઉપયોગથી સારા ઉત્પાદન મેળવી રહ્યાં છે. ખેડૂતો પોતાના ઘરે જ દેશી ગાય આધારીત જીવામૃત અને લીમડો જેવા વિવિધ વનસ્પતિના પાનમાંથી બનાવેલ જંતુનાશક દવા બનાવી ખેતીમાં ઉપયોગ કરે એવી વિનંતી છે.

દાહોદ જિલ્લાના મોટાભાગના ખેડૂતો પોતાના મુખ્ય પાક તરીકે ખરીફ સિઝનમાં દેશી મકાઇ, ડાંગર, શણ, પાપડી, અન્ય શાકભાજી પાકો તથા રવિ સિઝનમાં ઘંઉ, ચણા, લાલ દેશી લસણ , વિવિધ શાકભાજી પાકોમાં બિયારણ પોતાની પરંપરાગત પદ્ધતિઓ મુજબ ઉત્પન્ન કરી રસાયણના ઉપયોગ વગર એકદમ કુદરતી પદ્ધતિથી સંગ્રહ કરે છે. નવી સિઝનમાં પોતાના જ બિયારણનો ઉપયોગ કરે એ વધુ હિતાવહ રહેશે.

દેશી ગાયના આધારિત જીવામૃત તથા લીમડો જેવા વિવિધ વનસ્પતિના પાનમાંથી જંતુનાશક દવા બનાવવાની પદ્ધતિની માહિતિ જિલ્લાના ખેડૂતોની કૃષિ વિભાગની તાલીમોમાં આપવામાં આવે છે તથા તાલીમ દરમિયાન પ્રત્યક્ષ બનાવી શિખવવામાં આવે છે. જરૂર પડ્યે આ બાબતે દરેક ગામમાં ફાર્મર ફ્રેન્ડ અને માસ્ટર ટ્રેનરનો ફોન સંપર્ક કરી માહિતી મેળવી શકાશે.

સાંપ્રત પરીસ્થિતિમાં ખેડૂતોએ આગામી સિઝનથી પાક વાવેતર પદ્ધતિમાં ઘણા ફેરફાર કરવાની જરૂરીયાત છે. ખેડૂતો પોતાના ખેતરે પોતાની જરૂરીયાત મુજબના બટાકા ,કાંદા , મરચાં, મેથી, પાલખ, દેશીલસણ , આદુ, સરગવો, દેશી પાપડી, ટામેટાં, કંદમૂળપાકો, વેલા વાલાશાકભાજી કુટુંબની જરૂરીયાત મુજબ નાના નાના વિસ્તારોમાં રોપણી કરવી, જેથી ઘર વપરાશ માટેની જરૂરીયાત બહારથી લાવવાનું ટાળી શકાય.

આંબા , દેશી આંબા, ચીકુ, ફાલસા, અંજીર, મોસંબી, આંબળા, બોર, કાજુ , રાયણ, કરમદા, જામફળ, લીંબુ, સીતાફળ, જાંબુ, સીતાફળ, કેળ, પપૈયા, ફણસ, જેવા તમામ ફળ પાકોનુ એક એક ઝાડ ખેતરે શેઢે ( બોર્ડર પ્લાન્ટીંગ) વાવેતર કરે તો આખું વર્ષ કુટુંબને તમામ પ્રકારના ફળ મળી રહે અને બજારમાંથી એક પણ રૂપિયાની ખરીદી ના કરવી પડે અને વધારાની ઉપજને વેચાણ પણ કરી શકે.

એજ રીતે હળદર, અજમો, વરીયાળી, મહુડા તેલ, રાયડો, તલ, સુરજમુખી, મગફળી, મકાઇની દેશી જાતો, મગફળીજેવા તમામ મસાલા અને તેલી બિયા પાકો જરૂરીયાત મુજબ નાના વિસ્તારમાં ઉગાડી તેલ પણ જાતે બનાવી સંપૂર્ણ સ્વાવલંબી બની રહે એવું આયોજન કરવાની જરૂરીયાત છે. એજ રીતે દેશી મકાઇ, લાલ ચોખા, અડદ, તુવર જેવી ધાન્ય અને કઠોળની પરંપરાગત અને ન્યુટ્રીશનલ દેશી જાતો ઉગાડી કુટુંબની તંદુરસ્તી પણ જળવાય એવું આયોજન કરવાની ખાસ જરૂરીયાત છે.

આ વિસ્તારમાં મહુડો, સીસમ, ટીમરૂ, બીલુ, ખજુરી, ઉમરો, ધામણ, દેશી બાવળ, ખાખરો, રાયણ, કાંચનાર, આર્જુન સાદડ, પીપર જેવા વૃક્ષોની સંખ્યા ઘટવાથી પક્ષીઓ અને મધમાખીઓ ની સંખ્યા ઘટતાં પાકોમાં પરાગનયન ને અસર થતાં ઉત્પાદન ઓછુ થવાની સમસ્યાઓ દૂર થશે.

આમ, જીવામૃત આધારીત નેચરલ ફાર્મિંગ થકી ઉગાડેલ વધારાના શાકભાજી, ફળો, ધાન્ય, તેલીબિયાં, કઠોળ પાકોનું ગુણવત્તા યુક્ત ઉત્પાદન લઈજિલ્લાના ખેડૂતો વધુ આવક પણ મેળવી શકશે. આ ખેત પદ્ધતિ અપનાવવાથી ભવિષ્યમાં ખેડૂત કુટુંબોએ રોજગારી અર્થે મોટા શહેરોમાં જવાની જરૂરીયાત રહેશે નહી. ખેડૂતો ગ્રામ્ય કક્ષાએથી જ આવક મેળવી સ્વાવલંબી જીવન જીવી શકશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 275

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

.....દીવા તળે અંધારું.....

# પંચમહાલ જીલ્લામાં ૨૪૫ તલાટીઓથી ૫૦૧ ગ્રામ પંચાયતનો ચાલતો વહિવટ

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં ગામે ગામ તલાટીઓની મોટી ઘટ ના કારણે જીલ્લાની પ્રજા પરેશાની ભોગવી રહ્યાની ફરિયાદો ઉઠવા પામી છે. અને કેટલાક ઈન્ચાર્જ તલાટીઓ હોવાથી લોકોને કામ માટે ધરમ-ધકકા ખાવાનો વારો આવ્યો છે. જીલ્લામાં અનેક પછાત તાલુકા હોવાથી અને અંતરિયાળ ગામડાઓમાં તલાટીઓની અછતના કારણે જીલ્લાની પ્રજા પારાવાર મુશ્કેલી ભોગવી રહી હોવાનું સામે આવી રહ્યું છે.

પંચમહાલ જીલ્લો વિસ્તારની દ્રષ્ટિએ મોટો ગણાય છે. પંચમહાલ જીલ્લામાંથી મહિસાગર જીલ્લો છુટો થયા બાદ જીલ્લામાં ૫૦૧ ગ્રામ પંચાયત કાર્યરત છે. હાલમાં ગ્રામીણ વિસ્તારમાં સર્વાંગી વિકાસ થાય તે હેતુથી ગ્રામ પંચાયતોમાં સરકારની વિવિધ યોજનાઓની કામગીરી ચાલી રહી છે. તેમજ આ બાબતે જીલ્લાકક્ષાએ થી ગ્રામ પંચાયતોમાં સીધુ સંચાલન કરવામાં આવી રહ્યું છે. ત્યારે પંચમહાલ જીલ્લામાં છેલ્લા વર્ષોથી જીલ્લાની ૫૦૧ ગ્રામ પંચાયતોમાં ફકત ૨૪૫ તલાટીઓ દ્વારા વહીવટ કરવામાં આવી રહ્યો છે. જેમાં એક તલાટીને ૪ થી ૫ ગ્રામ પંચાયતનો ચાર્જ સોંપવામાં આવતા સરકારી વિકાસલક્ષી કામો પર અસર પડી રહી જોવા મળી રહી છે. જેના કારણે સરકારી યોજના તથા ગ્રામજનોના દાખલાઓ સહીતના કામો અટવાયા જતા જોવા મળી રહ્યા છે. જીલ્લામાં તલાટીઓના અછતના મામલે ગ્રામ પંચાયતોના સરપંચોમાં પણ છુપો રોષ વ્યાપેલો જોવા મળી રહયો હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. જીલ્લામાં તલાટી કમ મંત્રીઓની અછત અને ઘટ હોવાથી અન્ય ગ્રામ પંચાયતોના ભાર તલાટી કમ મંત્રીઓના હવાલે હોવાથી દોડધામ કરવાનો વારો તલાટીઓને પણ આવે છે.

પંચમહાલ જીલ્લામાં ૫૦૧ ગ્રામ પંચાયતોમાં ૫૦ ટકા પણ તલાટી કમ મંત્રીઓ નથી. ત્યારે ગ્રામ પંચાયતોમાં તલાટી કમ મંત્રીઓ દ્વારા કેવો વહીવટ કરવામાં આવતો હશે તે ચર્ચાની સાથે વિચાર માંગતી બાબત છે.

પંચમહાલ જીલ્લામાં સાત તાલુકાઓનો સમાવેશ થાય છે. જેમાં ગોધરા, શહેરા, મોરવા(હ), કાલોલ, હાલોલ, ઘોઘંબા અને જાંબુઘોડા આવેલા છે. જીલ્લાના આ સાત તાલુકાઓમાં કુલ ૫૦૧ ગ્રામ પંચાયત અસ્તીત્વમાં છે. જેના સામે ૨૪૫ તલાટીઓ છે. જેના કારણે ગામડાઓના લોકોને સામાન્ય આવકના દાખલા, જાતિના દાખલા, રેશનકાર્ડ, પછાતવર્ગના ફોર્મ જેવા અનેક દસ્તાવેજો તેમજ અન્ય કાગળો ઉપર તલાટીના સહી-સિકકા કરાવવા માટે ગ્રામજનોને દિવસોના દિવસ સુધી આંટાફેરા કરવા પડતા હોય છે. છાશવારે તલાટીઓના ચાર્જ બદલવામાં આવતા ગ્રામ પંચાયતમાં તલાટી કોન છે... તે શોધવામાં પ્રજાને દિવસોના દિવસો લાગી રહ્યા છે. પંચમહાલ જીલ્લામાં તલાટીઓના અછતના કારણે ગણતરીના તલાટીઓથી સમગ્ર જીલ્લાના ગ્રામપંચાયતોના વહીવટોના અંધારું છવાયું તેમ લાગી રહ્યું હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. એક તલાટીને ૪-૫ ગ્રામ પંચાયતોના ચાર્જ સોંપવામાં આવતાં તલાટી કમ મંત્રી અઠવાડિયામાં એકાદવાર ગામની મુલાકાતે આવે છે અને રૂટીંગ કામ કરી ચાલ્યા જતાં હોય છે. જેથી જીલ્લાની પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે. તલાટીઓના અછતને કારણે જીલ્લાના ગામડાઓમાં થતો વિકાસ અટવાયો હોય તેમ લાગી રહ્યું છે. જીલ્લામાં પંચાયતક્ષેત્રે તલાટીઓની પડેલી મોટી અછતને નિવારવા માટે અને પંચાયત રાજમાં સરળ મહેસુલી સેવા મળી રહે તે માટે રાજ્ય સરકારે પ્રયાસો હાથ ધરવું જરૂરી જણાય છે. જેથી લોકોની હાલાકી દુર થશે.

## ત્રણ થી ચાર ગ્રામ પંચાયતો વચ્ચે એક તલાટી...

પંચમહાલ જીલ્લાના કેટલાક તાલુકાઓમાં એક તલાટીને ચાર-પાંચ ગ્રામ પંચાયતોનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. જેના પરિણામે તલાટીઓ કામને ન્યાય આપી શકતા નથી અને તેમના ઉપર કામનું ભારણ પણ વધી ગયેલું જોવા મળી રહ્યું છે. જેના કારણે આવી ગ્રામ પંચાયતોમાં વિકાસના કામો અને પંચાયતોનો વહીવટ ઠપ્પ થઈ ગયો છે. અને સામાન્ય કામ માટે પ્રજા રઝળપાટ કરતી જોવા મળી રહી છે. ગામડાઓની અભણ પ્રજા તલાટીની રાહમાં ગ્રામ પંચાયતની કચેરીએ સવાર થી સાંજ સુધી ધરમના ધકકા ખાતી હોય છે. પરંતુ તલાટી અઠવાડિયામાં એક દિવસ ગામની ઉડતી મુલાકાતે આવતા ગામની પ્રજા ત્રાહિમામ પોકારી રહી છે.

- પંચમહાલ જીલ્લામાં તલાટીઓના અછતના કારણે પ્રજાજનો હેરાન : પ્રશ્નો નહિ ઉકેલાતા હોવાની વ્યાપક ફરિયાદો.
- એક તલાટીના માથે ઘણી ગ્રામ પંચાયતોના કામના ભારણને લઈ તલાટીઓ કામને ન્યાય આપી શકતા નથી.
- ગોધરા તાલુકામાં ૪-૫ પંચાયત વચ્ચે ફકત એક તલાટી.

### પંચમહાલ જીલ્લાની તલાટીઓની હાલની સ્થિતી

| તાલુકા | સેજા મંજુર | સેજા ભરતી |
|---|---|---|
| ગોધરા | ૭૪ | ૬૧ |
| કાલોલ | ૭૩ | ૫૨ |
| હાલોલ | ૬૫ | ૩૯ |
| શહેરા | ૫૦ | ૩૩ |
| મોરવા(હ) | ૩૩ | ૨૮ |
| ઘોઘંબા | ૩૪ | ૨૭ |
| જાંબુઘોડા | ૧૭ | ૦૫ |
| કુલ | ૩૪૬ | ૨૪૫ |

# મોરવા(હ)ના કેલોદના ગ્રામ પંચાયત કચેરી જર્જરીત નવિન પંચાયત માટે રજુઆત છતાં કાર્યવાહિ નહી



મોરવા(હ),
મોરવા હડફના કેલોદ ગામની ગ્રામ પંચાયત કચેરી ૩ વર્ષથી જર્જરિત હાલતમાં છે. કચેરીના છતમાંથી અવાર નવાર પોપડા પણ ખરી પડે છે. જેને લઈને કચેરી ખાતે કામઅર્થે આવતા લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ગ્રામ પંચાયત ઘર નવીન બનાવામાં આવે તે માટે તાલુકા પંચાયત કચેરી ખાતે તલાટી કમ મંત્રી, સરપંચ તેમજ ગામના અગ્રણીઓની અનેક રજૂઆત કરાઈ હોવા છતાં હજુ સુધી નવીન બની નથી. ત્યારે તંત્ર શું અહીં કોઈ મોટી ઘટના બને તેની તો રાહ નથી જોઈ રહયા કે શું ?

મોરવા હડફ તાલુકાના કેલોદ ગામની ગ્રામ પંચાયત કચેરી વર્ષો જૂની હોવાથી ૩ વર્ષથી જર્જરિત હાલતમાં છે. પંચાયત ઘર નવીન બને તે માટે તલાટી અને ગામના અગ્રણીઓએ તાલુકા પંચાયત કચેરી એ લેખિત અને મૌખિક રજૂઆત કરવામા આવી છે. ગ્રામ પંચાયત ઘરના છતના ભાગ પર પ્લાસ્ટર નીકળી જતા કાટ ખાઈ ગયેલા સળીયા દેખાતા સ્લેબ વધુ જોખમી બનવા સાથે છત પરથી અવાર નવાર પોપડા પણ પડી રહયા છે. ગ્રામ પંચાયત કચેરી ખાતે તલાટી દિલીપસિંહ બારીઆ સહિતનો સ્ટાફ હાલ ભયના ઓથાર તળે તેમની ફરજ નિભાવી રહયા છે. પંચાયત ઘર જર્જરિત હાલતમાં હોવા સાથે છતનો સ્લેબ પણ જોખમી બનતો જઈ રહયો હોવા છતાં તાલુકા પંચાયત સહિતની સબંધિત કચેરીને અનેક રજૂઆત કરવા છતા તેમનું પેટનું પાણી કેમ હલતું નથી. જર્જરિત કચેરી હોવા છતાં તલાટી કમ મંત્રી દિલીપસિંહ ઉદેસિંહ બારીઆ પંચાયત ઘર ખાતે બેસીને ગામના અરજદારોની કામગીરી કરી રહયા છે. પંચાયત ઘર ખાતે કોઈ મોટી ઘટના બને પછી તંત્ર આ અંગે પોતાની જવાબદારી સ્વીકારશે ? કે પછી ઘોડા છૂટી ગયા પછી તબેલા ને તાળા મારવા જેવી પરંપરાનું પુનરાવર્તન થશે આ જર્જરિત ગ્રામ પંચાયત કચેરીના મકાનને તોડી પાડીને નવું મકાન બનાવવા માટે તાલુકા પંચાયત સહિતની કચેરી દ્વારા વહેલામાં વહેલી તકે કોઈ યોગ્ય અને ઠોસ કદમ ઉઠાવવામા આવે તે અત્યંત આવશ્યક છે.

## કેલોદ ગ્રામ પંચાયત પાછલા ત્રણ વર્ષથી જર્જરિત...

હાલતમાં હોવાથી તલાટી અને સરપંચ દ્વારા નવીન ગ્રામ પંચાયત બને તે માટે તાલુકા પંચાયત કચેરી ખાતે અનેક રજૂઆત કરાઈ છે.ચોમાસા મા કચેરી ના છત પરથી પાણી પણ વરસાદ શરૂ હોય ત્યારે ટપકતું હોય છે. તેના કારણે જરૂરી દસ્તાવેજો પલળી જવાની ભીંતિ રહેવા સાથે ગ્રામ પંચાયત ખાતે કામઅર્થે આવતા લોકો ને પણ આના કારણે ભારે હાલાકી ભોગવવી પડતી હોય છે. ત્યારે અહી કોઈ અણ બનાવ બને તે પહેલા તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી હાથધરે તેવી ગ્રામજનો માથી માંગ ઉઠી છે.

ગ્રામ પંચાયત કચેરી ત્રણ વર્ષથી જર્જરિત હોવાથી તાલુકા પંચાયત કચેરી સહિત અન્ય કચેરી ખાતે અમે અનેક વખત રજૂઆત કરી છે. કાટ ખાઈ ગયેલા સળિયા પણ છત ની બહાર દેખાઈ રહયા છે. બીજી જગ્યા બેસવા માટે ના હોવાથી ના છૂટકે અહી બેસીને કામ કરૂ છું અમુક વખતે કામ કરી રહ્યા હોય ત્યારે છત પરથી પોપડા પણ પડતા હોય છે.
દિલીપસિંહ બારીઆ તલાટી ગ્રામ પંચાયત કેલોદ...

# હાલોલના કંજરી રોડ ઉપર આવેલ શ્રીજીકૃપા સોસાયટીમાં ચોમાસામાં પાણી ભરાવાની સમસયા થી પરેશાની



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,
હાલોલ નગરના માથાના મુગટ સમાન કંજરી રોડ ઉપર આવેલી શ્રીજી કૃપા સોસાયટીના રહીશો એ પોતાની આપવીતી આજે મીડીયા સમક્ષ રજુ કરી હતી અને જણાવ્યું હતું કે, જ્યારથી આ સોસાયટી બની છે. ત્યારથી અહીં ચોમાસામાં બે- બે ફૂટ જેટલું પાણી ભરાઈ જાય છે. પહેલા આ રોડ ઉપર બાંધકામ ઓછું હોવાથી પાણીનો નિકાલ થઈ જતો હતો પણ છેલ્લા બે - ત્રણ વર્ષમાં આ વિસ્તારમાં ફૂદકે ને ભૂસકે બાંધકામ થયું છે અને બાંધકામ વખતે પાલિકા દ્વારા કોઈ ઈન્સ્પેકસન કર્યા વિના પરવાનગી આપી દેવાના કારણે પ્લોટનું વેચાણ કરનારાઓએ પૂરેપૂરી જમીનનું પ્લોટિંગ કરી વેચાણ કરી દીધું હતું અને તેના ઉપર પ્લોટ માલિકો દ્વારા બાંધકામ કરી દેવાયું છે. જેમાં એન.એ. ની પરમીશન વખતે રજુ કરેલ ટાઉન પ્લાનની જોગવાઈઓનો સરેઆમ ભંગ થયેલો છે અને સોસાયટીમાં રસ્તાની અને હવા ઉજાસની તકલીફો તો છે જ સાથે સાથે સૌથી મોટી સમસ્યા આ વરસાદી પાણીના નિકાલનો સામે આવ્યો છે. આ બાબતે સ્થાનિક લોકો દ્વારા અનેક વખત નગરપાલિકાના પ્રમુખ, ચીફ ઓફીસર, પ્રાંત અધિકારી સહિતનાઓને લેખીતમાં રજૂઆતો કરવામાં આવી છે અને અધિકારીઓ સ્થળ ઉપર આવીને લોકોની મુશ્કેલીને નજરે નિહાળેલી હોવા છતાં તેનો કોઈ પણ કાયમી ઉકેલ લાવી શકયા નથી. જે ખુબજ દુઃખ ની વાત છે અને આ કારણે અહીંના રહીશો દ્વારા આજે મીડિયા સમક્ષ પોતાની આપવીતી રજુ કરી ને આ પ્રશ્નનો વહેલામાં વહેલી તકે કાયમી ઉકેલ લાવવા માટે ઉગ્ર માંગ કરી છે અને જણાવ્યું છે કે, સત્તાધીશો ને કરેલી તમામ રજૂઆતોનો યોગ્ય ઉકેલ લાવવામાં નગરપાલિકાના સત્તાધીશો અને અધિકારીઓ બીલકુલ નિષ્ફળ નિવડ્યા છે. ત્યારે આ સોસાયટીના રહીશોની એકજ માંગણી છે કે સોસાયટીમાં ભરાતાં વરસાદી પાણીના નિકાલ માટે યુદ્ધના ધોરણે નિર્ણય લેવામાં આવે અને તેનો અમલ કરી કાયમી નિકાલ લાવવામાં આવે નહી તો ઉગ્ર આંદોલન કરવા ચીમકી ઉચ્ચારી છે.

# કોંગ્રેસના ત્રણ ધારાસભ્યોએ હાલોલ ખાતે સ્થાનિક અગ્રણીઓ સાથે મીટીંગ બાદ શાંતિની અપીલ કરી હતી



હાલોલ,
હાલોલ નગરના વડોદરા રોડ ખાતે આવેલી સર્કિટ હાઉસ ખાતે ગુજરાત રાજ્યના મુસ્લિમ સમાજના અગ્રણી અને કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ મોહમ્મદ જાવીદ પીરઝાદા અને ઈમરાન ખેડાવાલાએ ઉચ્ચસ્તરીય પોલીસ અધિકારીઓ સહિત હાલોલ કાલોલના મુસ્લિમ સમાજના અગ્રણીઓ સાથે બેઠક કરી કાલોલ ખાતે બનેલી સમગ્ર ઘટનાનો ચિતાર મેળવ્યો હતો પંચમહાલની જનતાને શાંતિ જણાવવી કોમી ભાઈચારો કેળવી સાથે રહેવા અપીલ કરી હતી.



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

તસ્વીર બોલે છે..."હો મેરા કામ ગરીબો કી હિમાયત કરના, દર્દ મંદો સે ઝઈફો સે મુહબ્બત કરના." જી હા ! વાચક મિત્રો હકીકતમાં જ આ રીક્ષા ચાલકને તેના ઉમદા કાર્ય બદલ ખૂબ ખૂબ અભિનંદન કે જે રાત્રિના સમયથી પરોઢ સુધી દર્દીઓ માટે નિઃશુલ્ક સેવા માટે તૈયાર હોય છે.

# મોરવા(હ)ના કુવાઝર ચોકડી પાસે બાઈક ઉપર લઈ જવાતા દારૂ સાથે બે ઈસમો ઝડપ્યા

મોરવા(હ),
મોરવા(હ) પોલીસ કુવાઝર ચોકડી તરફ ચેકીંગમાં હતી. દરમિયાન શંકાસ્પદ રીતે બાઈક ઉપર પસાર થતાં ઈસમોને રોકયા હતા અને તપાસ કરતાં મીણીયા થેલા માંથી ઈંગ્લીશ દારૂના કવાટરીયા નંગ-૨૮૫ કિંમત ૩૬૪૦/- રૂપીયા તથા બાઈક સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) પોલીસ કુવાઝર ચોકડી પાસે ચેકીંગમા હતા. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી બાઈક નંબર જીજે.૦૭. એચકયુ.૬૪૩૦ને રોકી હતી અને બાઈક ઉપર પસાર થતાં બે ઈસમો દિનેશ બાબુભાઈ બારીયા રહે. મોરવા(હ), ગેંદયા ફળીયું, અજીતભાઈ ઉર્ફે દલપતભાઈ બારીયાને ઝડપ્યા હતા. બન્ને ઈસમો મીણીયા થેલામાં લઈ જવાતો ઈંગ્લીશ દારૂના કવાટરીયા નંગ-૨૮ કિંમત ૩૬૪૦/-રૂપીયા અને બાઈક મળી ૩૩,૬૪૦/- રૂપીયાના મુદ્દામાલ કબ્જે લીધો હતો. આ બાબતે મોરવાળ(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ઘોઘંબાના શનિયાડા ગામે આકાશી વિજળી ત્રાટકતાં બળદનું મોત

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના શનિયાડા ગામે ૧૨ જુલાઈના રોજ કડાકા ધડાકા સાથે મેઘરાજાની સવારી આવી હતી. દરમ્યાન શનિયાડા ગામે આકાશી વિજળી ત્રાટકતાં ઘર પાછળ બાંધેલ બળનું મરણ ગયેલ હતું. વિસ્તૃત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકામાં ૧૨ જુલાઈના રોજ સાંજના સમયે કડાકા-ધડાકા સાથે મેઘરાજા એ એન્ટ્રી કરી હતી. દરમ્યાન શનિયાડાના જેતા મુવાડી ગામે રહેતા ભારતભાઈ પટેલીયાના ઘરની પાછળ બળદ બાંધેલ હતો. તેની ઉપર આકાશી ત્રાટકતા બળદનું મરણ થયેલ હતું. આ બાબતે દામાવાવ પોલીસ મથકે જાણવાજોગ ફરિયાદ નોંધાઈ.

# બી. ફાર્મસી કોલેજ રામપુરાનું ગૌરવ



ગોધરા,
ગોધરા શહેરના રામપુરા વિસ્તારમાં આવેલી બી. ફાર્મસી કોલેજની યશકલગીમાં વધુ એક ઉમેરો થયો છે. જૂન ૨૦૨૧માં જીટીયુ દ્વારા લેવાયેલી ૮ માં સેમિસટરની ઓનલાઈન પરીક્ષામાં કોલેજ ના વિદ્યાર્થી મીઠાઈવાલા ઈદરીશ અકબર જીટીયુ યુનિવર્સિટીમાં ટોપટેન માં સ્થાન મેળવીને કોલેજનું ગૌરવ વધાર્યું છે. જીટીયૂ ટોપટેનમાં સ્થાન મેળવવા માટેનો શ્રેય તેમના માતા-પિતા, કોલેજ મેનેજમેંટ તથા સ્ટાફ ને આપ્યો છે. સંસ્થાના ચેરમેન જગદીશ આર પટેલ અને વાઈસ ચેરમેન રાજેશ આર પટેલ, કોલેજના પ્રિન્સિપાલ ડો. એમ.બી. શંકર, વાઈસ પ્રિન્સિપાલ ડો. સુરેશ જૈન તથા સ્ટાફે વિદ્યાર્થી ઓને શુભેચ્છા પાઠવી તેમની સિદ્ધિ ને બિરદાવી છે.

# સાવન કૃપાલ રૂહાની મિશન દ્વારા વૃક્ષારોપણ કરાયું



ગોધરા,
સાવન કૃપાલ રૂહાની મિશન વડોદરા, અમદાવાદ સુરત, ગોધરા, ભાવનગર અને કચ્છ જિલ્લામાં વૃક્ષારોપણ નો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો. જેમાં લગભગ ૧૦૦ થી વધારે છોડવાના અલગ-અલગ જેવા કે ગુલાબ, એલોવેરા, મોગરા અને પીપળા વગેરેનું વૃક્ષારોપણ કરાયું. સાવન કૃપાલ રૂહાની મિશન ની વિવિધ શાખાઓ દ્વારા સમય-સમય પર વૃક્ષારોપણના કાર્યક્રમ નું આયોજન કરવામાં આવે છે જેનો ઉદ્દેશ્ય વાતાવરણને પ્રદૂષણ થી મુક્ત કરવું તથા આપણા બધાને સ્વચ્છ વાતાવરણ પ્રદાન કરવાનો છે. જ્યાં આપણે સરળતાથી શ્વાસ લઈ શકીએ.

પરમ પૂજનીય સંત રાજીન્દર સિંહજી મહારાજની અપાર દયા મહેરથી સાવન ક્રિપાલ રૂહાની મિશન, દિલ્હી દ્વારા કોરોના સંકટના આ દુઃખદ સમયમાં મહામારી થી પ્રભાવિત ભાઈ બહેનોને પ્લાઝમા, ઓક્સિજન સિલિન્ડર, વેન્ટિલેટર બેડ અને એમ્બ્યુલન્સ વગેરે ઉપલબ્ધ કરાવીને પણ દરેક સંભવ મદદ કરાઈ. સાવન કૃપાલ રૂહાની મિશન દ્વારા સમય-સમય પર શિબિરની સાથે સાથે મફત મોતિયા બિંદ ઓપરેશન શિબિર અને સ્વાસ્થ્ય તપાસ શિબિરો ના પણ આયોજન કરવામાં આવે છે. તેના સિવાય પ્રાકૃતિક આપદા ઓ જેવીકે તમિલનાડુમાં આવેલી સુનામી, ઉત્તરાખંડમાં આવેલી પ્રાકૃતિક આપદા, જમ્મુ કાશ્મીરમાં આવેલ ભયાનક પુર અને નેપાલમાં આવેલ ભીષણ ભૂકંપમાં પણ મિશનના સેવા દ્વારા પીડિત લોકોને દૈનિક જીવન ના સંબંધિત આવશ્યક વસ્તુઓની સાથે સાથે ગરમ કપડાં જેવાકે ચોરસા, સ્વેટર અને ફોર્મના ગાદલા તથા દવાઓનું પણ વિતરણ કરાયું.

સાવન કૃપાલ રૂહાની મિશન ના અધ્યક્ષ સંત રાજીન્દર સિંહજી મહારાજ આજે સંપૂર્ણ વિશ્વમાં ધ્યાન અભ્યાસ દ્વારા પ્રેમ, એકતા અને શાંતિનો સંદેશ પ્રસારિત કરે છે. જેના ફળરૂપે એમને વિભિન્ન દેશો દ્વારા અનેક શાંતિ પુરસ્કારો અને સન્માનો ના સાથે સાથે પાંચ ડોકટરેટ ની ઉપાધિઓથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

# પાવાગઢ જતા યાત્રાળુઓના ખિસ્સા પર ભાર પડશેઃ રોપ-વેના ભાડામાં ૨૯ રુ.નો વધારો કરાયો



તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ,
વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢમાં રોજ હજારો લોકો પ્રવાસ માટે આવતા હોય છે પરતું હવે પાવાગઢ યાત્રિકો માટે મોંઘુ પડી શકે છે. પાવાગઢમાં રોપ-વેની સુવિધા મોંઘુ પડી શકે છે કેમ કે રોપ-વેનું સંચાલન કરતી કંપનીએ તેના ભાડામાં વધારો કર્યો છે.

પાવાગઢમાં ઉષા બ્રેકો કંપનીએ રોપ-વેના ભાડામાં વધારો કર્યો છે. પ્રવાસીઓની રોપ-વેના માધ્યમથી પાવાગઢ પર ચઢવા હવે વધારો ચાર્જ ચુકવવો પડશે. રોપ-વેએ તેના ભાડામાં ૨૯ રૂપિયાનો વધારો કર્યો છે. ટિકિટના દરોમાં વધારો કરાતા હવે રોપ-વેનું ભાડું ૧૬૯ રૂપિયા થઈ ગયું છે.

અગાઉ રોપવેનું ભાડું ૧૪૦ રૂપિયા હતું જે હવે વધીને ૧૬૯ રૂપિયા થયું છે. જો કે વર્ષ ૨૦૧૯માં રોપ-વેમાં આ ભાડુ રૂ.૧૧૬ હતું. જે બે વર્ષમાં વધીરને રૂ.૧૬૯એ પહોચ્યું છે. એક તરફ મોંઘવારીના મારથી સામાન્ય જનતા ત્રસ્ત બની છે રાજ્યમાં પેટ્રોલ ડીઝલ, સીએસજી,પીએનજી તેમજ અન્ય જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ વધ્યા છે ત્યારે હવે યાત્રાધામ પાવાગઢમાં દર્શન પણ હવે પ્રવાસીઓ માટે મોંઘું બન્યું છે.

મહત્વનું છે કે રોપ-વેની સુવિધા વધ્યા બાદ પાવાગઢમાં યાત્રીકોનો ધરખમ વધારો થયો છે પરતું હવે ઉષા બ્રેકો કંપનીએ રોપ-વેએ ભાડામાં વધારો કરતા હવે રોપ-વેના માધ્યમથી પાવાગઢ પર ચઢવું મુશ્કેલ બની શકે છે.